
સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS




દરેક નવા વીડિયોના **NOTIFICATION** માટે **BELL** icon **PRESS** કરો.


**સંપાદક**

**મૌલિક ગોંધિયા**

(Director - ICE)


[JULY-AUG- 2019]
[28/07 to 03/08]

# WEEK-31

## CURRENT TOPIC

- ઐતિહાસિક ત્રિપલ તલાક બિલ લોકસભા બાદ રાજ્યસભામાં પણ પસાર
- આતંકવાદ વિરોધી UAPA Bill, 2019 લોકસભા બાદ રાજ્યસભામાં પણ પસાર
- રેમન મેગ્સેસે એવોર્ડ 2019
- ગુજરાત રાજ્યનો 70મો વનમહોત્સવ : ગુજરાતના 19મા સાંસ્કૃતિક વન 'જડેશ્વર વન'નું લોકાર્પણ
- મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના જન્મદિવસે ગુજરાતમાં 'વ્હાલી દીકરી' યોજનાનો પ્રારંભ
- 1st ICC World Test Championship 2019-21નો પ્રારંભ


t.me/icerajkotofficial | icerajkot | icerajkot | icerajkot

SADGURU COMPLEX, 2nd FLOOR, NR. AKSHAR MANDIR,
KALAWAD ROAD, RAJKOT-360001.
CALL : 9375701110 / 9328001110

28 JULLY, 2019 SUNDAY

## ➢ દિવસ મહિમા : 28 જુલાઈ, વિશ્વ હેપેટાઈટિસ દિવસ (World Hepatitis Day)

સમગ્ર વિશ્વમાં હેપેટાઈટિસની બીમારી અંગે જાગૃતિ ફેલાવવા માટે 28 જુલાઈના રોજ આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

- વર્ષ 2019ની **'વર્લ્ડ હેપેટાઈટિસ ડે'**ની થીમ **'Invest in eliminating hepatitis'** છે.

## ➢ ઈલેક્ટ્રીક વાહનો પરનો GST 12 ટકાથી ઘટાડી 5 ટકા કરાયો

27 જુલાઈ, 2019ના રોજ મળેલી GST કાઉન્સિલની 36**મી** બેઠકમાં લેવાયેલા નિર્ણય અનુસાર ભારતમાં **ઈલેક્ટ્રીક વાહનો** પરનો **GST 12 ટકા**થી ઘટાડીને **5 ટકા** કરવામાં આવ્યો છે.


- આ ઉપરાંત ઈલેક્ટ્રીક વાહનોના **ચાર્જર** અને **ચાર્જિંગ સ્ટેશનો** પરનો GST પણ **18 ટકા**થી ઘટાડીને **5 ટકા** કરવામાં આવ્યો છે.
- ભારતમાં ઈલેક્ટ્રીક વાહનોના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્ર સરકાર દ્વારા આ નિર્ણય કરવામાં આવ્યો છે.
- 1 ઓગસ્ટ, 2019થી આ નિર્ણયનો અમલ થશે.
- આ ઉપરાંત સ્થાનિક સત્તાવાળાઓ દ્વારા **12 મુસાફરોથી વધુની** ક્ષમતા ધરાવતી **ઈલેક્ટ્રીક બસ** ભાડેથી લેવામાં આવશે તો તેમને GSTમાં એક્ઝમ્પ્શન આપવામાં આવશે.

**નોંધ :** (1) ભારતના નાણા મંત્રી હોદ્દાની રૂએ GST કાઉન્સિલના અધ્યક્ષ હોય છે.
(2) જ્યારે ભારતના **તમામ રાજ્યોના તથા કેન્દ્ર શાસિત પ્રદેશના નાણા મંત્રી** તેના સભ્ય હોય છે.
(3) અધ્યક્ષ સહિત GST કાઉન્સિલની કુલ સભ્ય સંખ્યા 33 છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.




## ICE Questions

1. 'વિશ્વ હેપેટાઈટિસ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 26 જુલાઈ (B) 27 જુલાઈ (C) 28 જુલાઈ (D) 29 જુલાઈ **(C)**

2. 27 જુલાઈ, 2019ના રોજ મળેલી 36મી GST કાઉન્સિલમાં લેવાયેલા નિર્ણયના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?

(1) ઈલેક્ટ્રીક વાહનો પરનો GST 12 ટકાથી ઘટાડીને 5 ટકા કરવામાં આવ્યો છે.

(2) ઈલેક્ટ્રીક વાહનોના ચાર્જર અને ચાર્જિંગ સ્ટેશનો પરનો GST 18 ટકાથી ઘટાડીને 5 ટકા કરવામાં આવ્યો છે.

Ans. : (A) 1 અને 2 (B) ફક્ત 1 (C) ફક્ત 2 (D) એકપણ નહિ **(A)**

**29 JULY, 2019 MONDAY**

## ➤ દિવસ મહિમા : 29 જુલાઈ, આંતરરાષ્ટ્રીય વાઘ દિવસ (International Tiger Day)

સમગ્ર વિશ્વમાં વાઘ સંરક્ષણ અંગે જાગૃતિ ફેલાવવા માટે દર વર્ષે 29 જુલાઈના રોજ **'આંતરરાષ્ટ્રીય વાઘ દિવસ'**ની ઉજવણી કરવામાં આવે છે.

- વર્ષ 2010માં **રશિયા**ના **સેન્ટ પિટર્સબર્ગ** નામના શહેરમાં યોજાયેલી 'Tiger Summit' માં આ દિવસની ઉજવણીનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

### All India Tiger Estimation Report 2018

29 જુલાઈ, 2019ના રોજ 'આંતરરાષ્ટ્રીય વાઘ દિવસ' નિમિત્તે ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**એ **નવી દિલ્હી** ખાતેથી **'All India Tiger Estimation Report 2018'** રજૂ કર્યો હતો.


- આ રિપોર્ટ અનુસાર ભારતમાં વાઘની સંખ્યા 2,967 અથવા તો 3000 છે.
- આ રિપોર્ટ અનુસાર ભારતના રાજ્યોમાં સૌથી વધુ વાઘ **મધ્યપ્રદેશ**માં છે.
- જ્યારે મધ્યપ્રદેશ બાદ **કર્ણાટક બીજા** અને **ઉત્તરાખંડ ત્રીજા** ક્રમે છે.

**ભારતના વિવિધ રાજ્યોમાં વાઘની સંખ્યા**

| ક્રમ | રાજ્ય | વાઘની સંખ્યા |
|---|---|---|
| 1 | મધ્યપ્રદેશ | 526 |
| 2 | કર્ણાટક | 524 |
| 3 | ઉત્તરાખંડ | 442 |
| 4 | મહારાષ્ટ્ર | 312 |
| 5 | તમિલનાડુ | 264 |
| 6 | કેરળ, આસામ | 190 |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ભારતમાં વર્ષ 2006, 2010 અને 2014 બાદ તાજેતરમાં વર્ષ 2018માં વાઘની **ચોથી વખત** ગણતરી કરવામાં આવી હતી.
- જેમાં વર્ષ 2014 બાદ વાઘની સંખ્યામાં સૌથી વધુ સુધારો **તમિલનાડુ**ના **સત્યમંગલમ્ ટાઈગર રિઝર્વ**માં(રાજ્યોની દષ્ટિએ **મધ્યપ્રદેશ**માં) થયો છે.
- જ્યારે ભારતમાં **મધ્યપ્રદેશ**ના **પેંચ ટાઈગર રિઝર્વ**માં વાઘોની સંખ્યા સૌથી વધુ છે.



## ભારતમાં વાઘની સંખ્યા

ભારતમાં વર્ષ 2014માં વાઘની સંખ્યા 2226 હતી.

- જે વધીને વર્ષ 2018માં 2967 અથવા તો અંદાજે 3000 જેટલી થઈ ગઈ છે. જે સમગ્ર વિશ્વમાં સૌથી વધુ છે.
- વર્ષ 2014 બાદ ભારતમાં વાઘની સંખ્યામાં 33 ટકાનો વધારો થયો છે.

**ભારતમાં વાઘની સંખ્યા**

| ક્રમ | વર્ષ | અંદાજિત સંખ્યા |
|---|---|---|
| 1 | 2006 | 1411 |
| 2 | 2010 | 1706 |
| 3 | 2014 | 2226 |
| 4 | 2018 | 2967 અથવા 3000 |

**નોંધ :** (1) વર્ષ 2010માં સેંટ પિટર્સબર્ગ સંમેલનમાં 2022 સુધીમાં વાઘોની સંખ્યા બમણી કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું હતું. જે ભારતે વર્ષ 2018માં જ પૂરું કરી લીધું છે.

(2) ભારતમાં વર્ષ 2018માં વાઘની વાસ્તવિક સંખ્યા 2603 થી 3346 સુધી હોવાની સંભાવના છે. આથી, ગણતરી પ્રમાણે 2967 તથા અંદાજિત 3000 સંખ્યા રજૂ કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ ભારતીય વાયુસેનાને મળ્યા ચાર અપાચે હેલિકોપ્ટર

સપ્ટેમ્બર, 2015માં ભારતે અમેરિકા પાસેથી 22 અપાચે હેલિકોપ્ટર ખરીદવા માટે એક સોદા પર હસ્તાક્ષર કર્યા હતા.

- તેમાંથી પ્રથમ ચાર હેલિકોપ્ટર ઉત્તરપ્રદેશના ગાઝિયાબાદ પાસેના હિન્ડોન એરબેઝ ખાતે આવી પહોંચ્યા છે.

### અપાચે હેલિકોપ્ટરની વિશેષતા

1. આ હેલિકોપ્ટરનું નામ 'AH-64E apache Gardian Helicopter' છે.
2. અમેરિકાની બોઇંગ (Boeing) નામની કંપની દ્વારા તેનું નિર્માણ કરવામાં આવ્યું છે.
3. અપાચે વિશ્વનું સૌથી ઘાતક ફાઈટર અથવા તો એટેક હેલિકોપ્ટર છે. તે એડવાન્સ મલ્ટિ રોલ ફાઈટર હેલિકોપ્ટર છે.



4. આ હેલિકોપ્ટર દુશ્મન દેશની ઘેરાબંધીને ભેદીને સચોટ હુમલો કરવા માટે સક્ષમ છે. તેને રડારમાં પકડવું મુશ્કેલ છે.
5. આ હેલિકોપ્ટર યુદ્ધગ્રસ્ત વિસ્તારની **તસ્વીર** લેવામાં પણ સક્ષમ છે.
6. **બે એન્જિનવાળા** આ હેલિકોપ્ટરમાં **બે પાયલટ** બેસી શકે છે.
7. આ હેલિકોપ્ટરનું વજન 5165 કિલોગ્રામ છે અને તે આશરે 295થી 365 કિમી. પ્રતિ કલાકની ઝડપથી ઉડી શકે છે.
8. પહાડી વિસ્તારોમાં ઓપરેશન માટે તેમજ રાત્રીના સમયે ઉડાન ભરવા માટે પણ આ હેલિકોપ્ટર સક્ષમ છે.
9. આ હેલિકોપ્ટરની બંને બાજુ **30 mm**ની **બે ગન** પણ લાગેલી હોય છે. આ ઉપરાંત તેમાં તીવ્ર વિસ્ફોટકો ભરેલી **હેલિફાયર** અને **સ્ટ્રિંગર મિસાઈલો** પણ લગાવાયેલી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## અપાચે હેલિકોપ્ટરનો ઈતિહાસ

- આ હેલિકોપ્ટરે **1975**માં તેની પ્રથમ ઉડાન ભરી હતી. અને **1986**માં તેને **અમેરિકા**ની સેનામાં શામેલ કરવામાં આવ્યું હતું.
- અમેરિકાએ આતંકી ઓસામા બિન લાદેનને ખતમ કરવા માટે આ હેલિકોપ્ટરનો ઉપયોગ કર્યો હતો.
- અમેરિકાએ ભારત અગાઉ ગ્રીસ, ઈન્ડોનેશિયા, જાપાન, ઈઝરાયેલ, કુવૈત, નેધરલેન્ડ, કતાર, સાઉદી અરેબિયા, સિંગાપોર વગેરે દેશોને આ હેલિકોપ્ટર વેચ્યા છે.


સૌથી વધુ ઉમેદવારોને સૌથી ઊંચી સફળતા અપાવનાર સંસ્થા
કેન્દ્ર સરકાર તથા ગુજરાત સરકારની તમામ ભરતીઓ માટે
બંધારણ મેગા લેક્ચર
અમદાવાદ
17 to 22 AUGUST
MOR : 8 : 00 to 12 : 00
ટાઉન હૉલ, આશ્રમ રોડ, એલિસ બ્રિજ સામે, અમદાવાદ.
રજિસ્ટ્રેશન ફરજિયાત (LIMITED SEATS)
₹ FEE : 700/-
પરીક્ષામાં પૂછાઈ શકે તેવી સંભવિત કલમો વિશે સચોટ માહિતી...
પરીક્ષા પાસ કરવા માટે બધી કલમો ગોખવાની જરૂરત નથી
પરીક્ષાની હાયર લેવલની તૈયારી માટે બંધારણનો ઊંડાણપૂર્વક અભ્યાસ
એક પણ પ્રશ્ન છૂટી ન જાય તે માટે બંધારણનો સંપૂર્ણ અભ્યાસ
કન્સેપ્ચ્યુઅલ પ્રશ્નોની તૈયારી માટે બંધારણની વિશેષ સમજ શક્તિ
માત્ર છ દિવસના મેગા લેક્ચરમાં આખુ બંધારણ યાદ રખાવવા અતિ વિશિષ્ટ રજૂઆત
બિનસચિવાલય / GPSC 1/2 / સિનિયર કલાર્ક તથા અન્ય તમામ સ્પર્ધાત્મક પરીક્ષા માટે

MAULIK SIR
DIRECTOR - ICE
ICE
INSTITUTE FOR COMPETITIVE EXAMS
M.8469501110/8469601110
ફી રૂબરૂ અથવા PAYTM દ્વારા
અમદાવાદ
બંધારણમાં સ્કોર કરવાની ટેકનિક

ICE Questions

1. 'આંતરરાષ્ટ્રીય વાઘ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 27 જુલાઈ (B) 28 જુલાઈ (C) 29 જુલાઈ (D) 30 જુલાઈ **(C)**

2. વર્ષ 2018માં થયેલી ગણતરી અનુસાર ભારતમાં વાઘની સંખ્યા કેટલી છે ?
(A) 1967 અથવા 2000 (B) 2967 અથવા 3000
(C) 3967 અથવા 4000 (D) ત્રણમાંથી કોઈ નહિ **(B)**

3. વર્ષ 2018માં થયેલી ચોથી વાઘની ગણતરી અનુસાર ભારતના કયા રાજ્યમાં વાઘની સંખ્યા સૌથી વધારે છે ?
(A) મધ્યપ્રદેશ (B) કર્ણાટક (C) ઉત્તરાખંડ (D) મહારાષ્ટ્ર **(A)**

4. વર્ષ 2014ની તુલનાએ વર્ષ 2018માં ભારતમાં વાઘની સંખ્યામાં આશરે કેટલા ટકાનો વધારો થયો છે ?
(A) 12 (B) 18 (C) 25 (D) 33 **(D)**

5. તાજેતરમાં અમેરિકાએ ભારતને કયું હેલિકોપ્ટર સોંપ્યું છે ?
(A) વોરિયર (B) ચિનૂક (C) અપાચે (D) ઓર્ડિનરી **(C)**

6. તાજેતરમાં અમેરિકાએ ભારતને કયું અપાચે હેલિકોપ્ટર સોંપ્યું છે ?
(A) AH-64 A (B) AH-64 B (C) AH-64 C (D) AH-64 E **(D)**

7. ભારતીય વાયુસેના માટે અપાચે હેલિકોપ્ટર ખરીદવા માટે ભારત અને અમેરિકા વચ્ચે કયારે કરાર થયા હતા ?
(A) સપ્ટેમ્બર 2013 (B) સપ્ટેમ્બર 2014 (C) સપ્ટેમ્બર 2015 (D) સપ્ટેમ્બર 2016 **(C)**

8. સપ્ટેમ્બર 2015માં કેટલા અપાચે હેલિકોપ્ટર ખરીદવા માટે ભારતે અમેરિકા સાથે કરાર કર્યા હતા ?
(A) 20 (B) 22 (C) 24 (D) 26 **(B)**

9. અમેરિકાની કઈ કંપની દ્વારા અપાચે હેલિકોપ્ટરનું નિર્માણ કરવામાં આવે છે ?
(A) લોકહીડ માર્ટિન (B) બોઈંગ
(C) જનરલ ડાયનેમિક્સ (D) BAE સિસ્ટમ્સ **(B)**

10. 'AH-64 E Apache Gardian Helicopter'ની વિશેષતાના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
1. તે મલ્ટિ રોલ ફાઈટર (અથવા તો એટેક) હેલિકોપ્ટર છે.
2. તે બે એન્જિન ધરાવે છે.
3. તેમાં બે પાયલટના સિટિંગની વ્યવસ્થા છે.
4. અમેરિકાએ પાકિસ્તાનને આવા 4 હેલિકોપ્ટર આપ્યા છે.
Ans. : (A) 1, 2, 3, 4 (B) 1, 2, 3 (C) 2, 3, 4 (D) 1, 3, 4 **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

ગુજરાત સરકારની વર્ગ-3ની તમામ ભરતીઓ માટે

સ્પેશિયલ બેચ

2012 - 18
1237+
સફળ ઉમેદવાર

ફ્રી ટ્રાયલ લેક્ચર
નવી બેચ શરૂ

ધોરણ- 12માં
આપની ટકાવારી મુજબ
Special Discount

50% Discount — 85% થી વધુને
20% Discount — 70% થી વધુને
10% Discount — 40% થી વધુને

સ્પેશિયલ બેચમાં જોડાનાર તમામ વિદ્યાર્થીઓ માટે
Current Affairsના Special Lecture ફ્રી માં રહેશે.

ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS
93757-01110
93280-01110
સદગુરૂ કોમ્પલેક્ષ, કાલાવડ રોડ,
તિરૂપતી પેટ્રોલ પંપ સામે,
સ્વામિનારાયણ મંદિર પાસે
રાજકોટ

## 30 JULY, 2019 TUESDAY

➢ **દિવસ મહિમા : (1) આંતરરાષ્ટ્રીય ફ્રેન્ડશિપ દિવસ (International Friendship Day)**
**(2) માનવ તસ્કરી વિરુદ્ધ વિશ્વ દિવસ**
**(World Day against Trafficking in Persons)**

### આંતરરાષ્ટ્રીય ફ્રેન્ડશિપ દિવસ

27 એપ્રિલ, 2011ના રોજ યુનાઈટેડ નેશન્સની જનરલ એસેમ્બલીમાં દર વર્ષે 30 જુલાઈના રોજ 'આંતરરાષ્ટ્રીય ફ્રેન્ડશિપ દિવસ'ની ઉજવણી કરવાની જાહેરાત કરવામાં આવી હતી.

- જોકે, ભારત સહિત કેટલાક દેશોમાં 30 જુલાઈને બદલે અલગ-અલગ દિવસે ફ્રેન્ડશિપ ડેની ઉજવણી કરવામાં આવે છે.
- ભારતમાં ઓગસ્ટ મહિનાના પ્રથમ રવિવારે 'ફ્રેન્ડશિપ ડે' ઉજવાય છે.



ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## માનવ તસ્કરી વિરુદ્ધ વિશ્વ દિવસ




માનવ તસ્કરીને કારણે પીડિત વ્યક્તિઓના અધિકારોના રક્ષણ તથા એ અંગે જાગૃતિ ફેલાવવા માટે સમગ્ર વિશ્વમાં 30 જુલાઈના રોજ **'માનવ તસ્કરી વિરુદ્ધ વિશ્વ દિવસ'**ની ઉજવણી કરવામાં આવે છે.

- United Nations Office on Drugs and Crime (UNODC) દ્વારા જાહેર કરવામાં આવેલી વર્ષ 2019ની થીમ **'Human Trafficking : Call your Government to Action'** છે.

## ➤ કર્ણાટકના નવા મુખ્યમંત્રી તરીકે શ્રી યેદીયુરપ્પાના શપથ

26 જુલાઈ, 2019ના રોજ **શ્રી બી.એસ. યેદીયુરપ્પા**એ કર્ણાટકના મુખ્યમંત્રી તરીકે શપથ ગ્રહણ કર્યા છે.

- કર્ણાટકના રાજ્યપાલ **શ્રી વજુભાઈ વાળા**એ શ્રી બી.એસ. યેદીયુરપ્પાને કર્ણાટકના નવા મુખ્યમંત્રી તરીકેના શપથ અપાવ્યા હતા.



- આ સાથે જ શ્રી બી.એસ. યેદીયુરપ્પા **ચોથી વખત** કર્ણાટકના મુખ્યમંત્રી બની ગયા છે.
- તેઓ **સૌપ્રથમ વખત 12 નવેમ્બરથી 19 નવેમ્બર 2007** દરમિયાન **ફક્ત સાત દિવસ** માટે કર્ણાટકના મુખ્યમંત્રી રહ્યા હતા.
- ત્યારબાદ 2008થી 2011 દરમિયાન ત્રણ વર્ષથી વધુ સમય માટે તેઓ બીજી વખત કર્ણાટકના મુખ્યમંત્રી બન્યા હતા.
- અને આ અગાઉ છેલ્લે મે 2018 દરમિયાન તેઓ **ફક્ત છ દિવસ** માટે કર્ણાટકના મુખ્યમંત્રી રહ્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## કર્ણાટકના મુખ્યમંત્રી પદેથી શ્રી કુમાર સ્વામીનું રાજીનામું



તાજેતરમાં 23 જુલાઈ, 2019ના રોજ કર્ણાટક વિધાનસભા ગૃહમાં વિશ્વાસ મત પ્રસ્તાવ પર મતદાન થયું હતું.

- જેમાં **શ્રી કુમાર સ્વામી**ની તરફેણમાં 99 અને વિરુદ્ધમાં 105 મતોથી કુલ 204 સભ્યોએ વોટિંગ કર્યું હતું.
- આથી, કર્ણાટકમાં **જનતા દળ સેક્યુલર (JDS) અને કોંગ્રેસ**ના ગઠબંધનવાળી સરકારનું પતન થયું હતું.
- અને JDSના નેતા **શ્રી કુમાર સ્વામી**એ કર્ણાટકના મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપ્યું હતું.

## શ્રી યેદીયુરપ્પાએ વિશ્વાસ મત મેળવ્યો



29 જુલાઈ, 2019ના રોજ કર્ણાટકની વિધાનસભામાં વિશ્વાસ મત માટે મતદાન થયું હતું.

- જેમાં **શ્રી યેદીયુરપ્પા**એ કર્ણાટકના નવા મુખ્યમંત્રી તરીકે વિશ્વાસનો મત હાંસલ કરી લીધો છે.
- કર્ણાટક વિધાનસભામાં ચૂંટાયેલા ધારાસભ્યોની કુલ સંખ્યા 224 છે. જેમાંથી પોતાના પક્ષમાંથી રાજીનામું આપ્યું હોવાને કારણે 17 સભ્યોને કર્ણાટકના સ્પીકર **શ્રી રમેશ કુમારે** ગેરલાયક ઠરાવ્યા હતા.
- આથી, કર્ણાટક વિધાનસભામાં 207ની સભ્ય સંખ્યા ધ્યાને લઈને વિશ્વાસ મત મેળવવા 104 મતની જરૂર હતી.
- તેની સામે ભાજપના શ્રી યેદીયુરપ્પાને 105 મત મળ્યા હતા.

**નોંધ :** (1) કર્ણાટકના ઈતિહાસમાં આજ સુધી ફક્ત ત્રણ જ મુખ્યમંત્રી પોતાનો પાંચ વર્ષનો કાર્યકાળ પૂરો કરી શક્યા છે.

(2) આ ત્રણ વ્યક્તિઓમાં શ્રી એસ. નિજલિંગપ્પા, શ્રી ડી. દેવરાજ ઉર્સ અને શ્રી સિદ્ધારમૈયાનો સમાવેશ થાય છે.

(3) કર્ણાટકના સ્પીકર શ્રી કે.આર.રમેશકુમારે પોતાના પદ પરથી રાજીનામું આપ્યું છે.

## ➢ ઉત્તરપ્રદેશના નવા રાજ્યપાલ તરીકે શ્રીમતી આનંદીબેન પટેલના શપથ

29 જુલાઈ, 2019ના રોજ **શ્રીમતી આનંદીબેન પટેલે** ઉત્તરપ્રદેશના નવા રાજ્યપાલ તરીકે શપથ ગ્રહણ કર્યા છે.

- **અલાહાબાદ હાઈકોર્ટ**ના મુખ્ય ન્યાયમૂર્તિ **શ્રી ગોવિંદ માથુરે** શ્રીમતી આનંદીબેન પટેલને શપથ અપાવ્યા હતા.
- આ સાથે જ શ્રીમતી આનંદીબેન પટેલ **શ્રીમતી સરોજિની નાયડુ** બાદ ઉત્તરપ્રદેશના **બીજા મહિલા રાજ્યપાલ** બની ગયા છે.
- ઉત્તરપ્રદેશના રાજ્યપાલ તરીકે શ્રીમતી આનંદીબેન પટેલે **શ્રી રામ નાઈક**નું સ્થાન લીધું છે.
- આ અગાઉ તેઓ **મધ્યપ્રદેશ**ના રાજ્યપાલ તથા **છત્તીસગઢ**ના કાર્યકારી રાજ્યપાલ હતા.




INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :**

(1) શ્રીમતી આનંદીબેન પટેલ (આઝાદી બાદ) ઉત્તરપ્રદેશના 21મા રાજ્યપાલ બન્યા છે. આ અગાઉ તેઓ મધ્યપ્રદેશના પણ 21મા જ રાજ્યપાલ હતા.

(2) શ્રીમતી સરોજિની નાયડુ ભારત તથા ઉત્તરપ્રદેશના પ્રથમ મહિલા રાજ્યપાલ છે. તેઓ 15 ઓગસ્ટ 1947ના રોજ ઉત્તરપ્રદેશના રાજ્યપાલ બન્યા હતા.

(3) શ્રીમતી સરોજિની નાયડુના પુત્રી શ્રીમતી પદ્મજા નાયડુ સૌથી લાંબા સમય સુધી સેવા આપનાર મહિલા રાજ્યપાલ છે. તેમણે પશ્ચિમ બંગાળના રાજ્યપાલ તરીકે 10 વર્ષ, 209 દિવસ સેવા આપી હતી.

## ICE Questions

1. 'આંતરરાષ્ટ્રીય ફ્રેન્ડશિપ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 28 જુલાઈ (B) 29 જુલાઈ (C) 30 જુલાઈ (D) 31 જુલાઈ **(C)**

2. 'માનવ તસ્કરી વિરુદ્ધ વિશ્વ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 28 જુલાઈ (B) 29 જુલાઈ (C) 30 જુલાઈ (D) 31 જુલાઈ **(C)**

3. શ્રી યેદીયુરપ્પા તાજેતરમાં કેટલામી વખત કર્ણાટકના મુખ્યમંત્રી બન્યા છે ?
   (A) બીજી વખત (B) ત્રીજી વખત (C) ચોથી વખત (D) પાંચમી વખત **(C)**

4. કર્ણાટકના સ્પીકર પદેથી તાજેતરમાં કોણે રાજીનામું આપ્યું છે ?
   (A) શ્રી કે.આર. રમેશકુમાર (B) શ્રી આર.આર. રમેશકુમાર
   (C) શ્રી આર.કે. રમેશકુમાર (D) શ્રી આર.જે. રમેશકુમાર **(A)**

5. શ્રીમતી આનંદીબેન પટેલ નીચેનામાંથી ભારતના કયા રાજ્યના રાજ્યપાલ અથવા તો કાર્યકારી રાજ્યપાલ રહ્યા નથી ?
   (A) ઉત્તરપ્રદેશ (B) મધ્યપ્રદેશ (C) છત્તીસગઢ (D) ઝારખંડ **(D)**

6. શ્રીમતી આનંદીબેન પટેલ કોની જગ્યાએ ઉત્તરપ્રદેશના નવા રાજ્યપાલ બન્યા છે ?
   (A) શ્રી લાલજી ટંડન (B) શ્રી રામ નાઈક
   (C) શ્રી જગદીશ મુખી (D) શ્રી રમેશ બૈસ **(B)**

7. શ્રીમતી આનંદીબેન પટેલ ઉત્તરપ્રદેશના કેટલામા મહિલા રાજ્યપાલ બન્યા છે ?
   (A) પ્રથમ (B) બીજા (C) ત્રીજા (D) ચોથા **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

આર્થિક સમૃદ્ધિ, સામાજિક પ્રતિષ્ઠા સલામત નોકરીની
સંયુક્ત કારકિર્દી એટલે જ ગુજરાત સરકાર

સ્પેશિયલ બેચ

ફ્રી
DEMO
LECTURE

8/8/2019
TIME : 10 to 12 AM

10%
DISCOUNT

કરંટ અફેર્સના રેગ્યુલર લેક્ચર
સ્પર્ધાત્મક પરીક્ષાની નિષ્ણાતો દ્વારા અભ્યાસ
પૂર્ણ સંભાવના ધરાવતા પ્રશ્નો સાથે તૈયારી
સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી અભ્યાસ
શરૂઆતથી છેક પરીક્ષાખંડ સુધીનો આયોજનબદ્ધ રોડ મેપ
ટુ ધી પોઈન્ટ પરીક્ષાલક્ષી એડવાન્સ લેવલ મટીરિયલ્સ
બિનસચિવાલય / સિનિયર ક્લાર્ક માટે વિશેષ અભ્યાસ

રીડિંગ રૂમની વ્યવસ્થા
10 Mega Test Paper
MEGA TEST SERIES ON OMR SHEET
32+ Weekly Test
2012 - 18
1237+ સફળ ઉમેદવાર

ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS
Perry plaza Complex, 2nd Floor,
Near Alkapuri Society, Zanzarda Road,
જૂનાગઢ
રજિસ્ટ્રેશન ફરજિયાત / 76985-01110 / 76986-01110

## 31 JULY, 2019 WEDNESDAY

### ➤ The Companies (Amendment) Bill, 2019 લોકસભા બાદ રાજ્યસભામાં પણ પસાર




30 જુલાઈ, 2019ના રોજ કંપનીઝ (એમેન્ડમેન્ટ) બિલ, 2019 ભારતની રાજ્યસભામાં પસાર થઈ ગયું છે.

- આ અગાઉ 26 જુલાઈ, 2019ના રોજ આ બિલ લોકસભામાં પણ પસાર થઈ ગયું હતું.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**આ બિલ દ્વારા કયા એક્ટમાં સુધારો થશે ?**

આ બિલ દ્વારા Companies Act, 2013માં સુધારો કરવામાં આવશે.

### બિલની મહત્ત્વની જોગવાઈ

(1) હવેથી <u>Corporate Social Responsibility (CSR)</u> માટેની રકમ કંપનીએ ફરજિયાત પણે **<u>એક ખાસ ખાતામાં</u>** રાખવી પડશે.

(2) નવી જોગવાઈ અનુસાર કંપનીનો નફો <u>રૂ. 5 કરોડ</u> કરતા વધુ હોય, ટર્ન ઓવર <u>રૂ. 100 કરોડ</u> કરતા વધુ હોય અને નેટવર્થ <u>રૂ. 500 કરોડ</u> કરતા વધુ હોય તો તેણે દર વર્ષે વર્ષના ચોખ્ખા નફામાંથી ઓછામાં ઓછી <u>2 ટકા</u> રકમ સામાજિક લોકકલ્યાણના કાર્યો પાછળ ખર્ચવી પડશે.

(3) આ ઉપરાંત જે કંપની એક્ટનો ભંગ કરશે તેનું નામ કંપની રજીસ્ટ્રારમાંથી કમી કરી દેવામાં આવશે.

### ICE ? Questions

1. તાજેતરમાં ભારતમાં કયા એક્ટમાં સુધારો કરવા માટે 'કંપનીઝ (એમેન્ડમેન્ટ) બિલ, 2019' ભારતની સંસદમાં પસાર કરવામાં આવ્યું છે ?
   (A) કંપનીઝ એક્ટ, 2011  (B) કંપનીઝ એક્ટ, 2012
   (C) કંપનીઝ એક્ટ, 2013  (D) કંપનીઝ એક્ટ, 2014
   **(C)**

2. તાજેતરમાં ભારતની સંસદમાં પસાર થયેલા 'કંપનીઝ (એમેન્ડમેન્ટ) બિલ, 2019'માં કરવામાં આવેલી જોગવાઈ અનુસાર રૂ. 5 કરોડથી વધુ નફો, રૂ. 100 કરોડથી વધુ ટર્નઓવર અને રૂ. 500 કરોડ કરતા વધુ નેટવર્થ ધરાવતી કંપનીએ વાર્ષિક નફામાંથી ઓછામાં ઓછી કેટલા ટકા રકમ કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (CSR) માટે ફાળવવાની રહેશે ?
   (A) 2 ટકા  (B) 3 ટકા  (C) 5 ટકા  (D) 10 ટકા
   **(A)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 01 AUGUST, 2019 THURSDAY

### ➤ રશિયા પાસેથી R-27 નામની મિસાઈલ ખરીદવા માટે કરાર

તાજેતરમાં ભારતે <u>રશિયા</u> પાસેથી <u>R-27</u> નામની <u>એર ટુ એર</u> એટલે કે <u>હવામાંથી હવામાં</u> પ્રહાર કરવાની ક્ષમતા ધરાવતી <u>મિસાઈલ</u> ખરીદવા માટે <u>રૂ. 1500 કરોડ</u>ના એક સોદા પર હસ્તાક્ષર કર્યા છે.

- આ મિસાઈલનો ઉપયોગ ભારતના <u>સુખોઈ Su-30 MKI</u> યુદ્ધ વિમાનોમાં કરવામાં આવશે.
- જેનાથી ભારતીય વાયુસેનાની યુદ્ધ ક્ષમતામાં વધારો થશે.

#### R-27 મિસાઈલની વિશેષતા

- R-27એ <u>હવામાંથી હવામાં</u> પ્રહાર કરવાની ક્ષમતા ધરાવતી <u>મધ્યમથી લાંબા અંતરની</u> મિસાઈલ છે.
- <u>રશિયા</u> દ્વારા આ મિસાઈલ <u>મિગ</u> તથા <u>સુખોઈ</u> વિમાનો માટે વિકસાવવામાં આવી હતી.
- આ મિસાઈલથી ભારતના સુખોઈ <u>Su-30 MKI</u> વિમાનની યુદ્ધ ક્ષમતામાં વૃદ્ધિ થશે.
- ભારતમાં <u>10-I પ્રોજેક્ટ</u> અંતર્ગત આ મિસાઈલ ખરીદવામાં આવી છે.

## ➤ 1st ICC World Test Championship 2019-21નો પ્રારંભ




ICC દ્વારા **1 ઓગસ્ટ, 2019થી 14 જૂન, 2021** દરમિયાન **ICC World Test Championship 2019-2021**નું આયોજન કરવામાં આવ્યું છે.

- ICC દ્વારા યોજાનાર આ **પ્રથમ ટેસ્ટ વર્લ્ડ કપ** અથવા તો **પ્રથમ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ** છે.
- ICC દ્વારા અત્યાર સુધી વનડે તથા ટી-20 ક્રિકેટ વર્લ્ડ કપનું આયોજન કરવામાં આવતું હતું. પરંતુ ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસનો આ પ્રથમ વર્લ્ડ કપ છે.

### પ્રથમ અને અંતિમ મેચ

1 ઓગસ્ટ, 2019ના રોજ **ઈંગ્લેન્ડ**ના **બર્મિંગહામ** ખાતે આવેલા **એજબેસ્ટોન ક્રિકેટ સ્ટેડિયમ**માં યોજાઈ રહેલી **ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા** વચ્ચેની **એશિઝ સિરીઝ**ની **પ્રથમ મેચ**થી આ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપનો પ્રારંભ થશે.

- આ ચેમ્પિયનશિપમાં **ભારત** સહિત કુલ **9** ટીમો ભાગ લેશે.
- આ ચેમ્પિયનશિપ દરમિયાન **ભારત, પાકિસ્તાન, શ્રીલંકા, બાંગ્લાદેશ, ઈંગ્લેન્ડ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, વેસ્ટ ઈન્ડિઝ અને દક્ષિણ આફ્રિકા** આ 9 દેશોએ નવમાંથી કોઈપણ **6 દેશો વિરુદ્ધ 6 ટેસ્ટ સીરિઝ** રમવી પડશે.
- દરેક ટીમ 3 સીરિઝ ઘરઆંગણે અને 3 સીરિઝ વિદેશમાં રમશે.
- ત્યારબાદ પોઈન્ટના આધારે સૌથી વધુ પોઈન્ટ ધરાવતી 2 ટીમો વચ્ચે **10થી 14 જૂન, 2021** દરમિયાન **ઈંગ્લેન્ડ**ના **લંડન** ખાતે આવેલા **લોર્ડ્ઝ ગ્રાઉન્ડ** પર ફાઈનલ મેચ રમાશે.
- જો ફાઈનલ મેચ **ટાઈ** રહે કે **ડ્રો** થાય તો **બંને ટીમો ચેમ્પિયન** જાહેર કરાશે.

### ભારતની પ્રથમ મેચ

આ ચેમ્પિયનશિપમાં **ભારત** પોતાની **પ્રથમ ટેસ્ટ મેચ** 22થી 26 ઓગસ્ટ, 2019 દરમિયાન **વેસ્ટ ઈન્ડિઝ** વિરુદ્ધ **વેસ્ટ ઈન્ડિઝ**ના **એન્ટિગુઆ** ખાતે આવેલા **સર વિવિયન રિચાર્ડ્સ સ્ટેડિયમ** પર રમશે.

### ટેસ્ટ ક્રિકેટ

વિશ્વમાં ઈન્ટરનેશનલ ક્રિકેટનો પ્રારંભ **ટેસ્ટ ક્રિકેટ**થી જ થયો હતો.

- આ અંતર્ગત **પ્રથમ** ઓફિશિયલ ઈન્ટરનેશનલ **ટેસ્ટ મેચ 15 અને 19 માર્ચ, 1877**ના રોજ **ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ** વચ્ચે **ઓસ્ટ્રેલિયા**ના **મેલબોર્ન** ક્રિકેટ સ્ટેડિયમ ખાતે યોજાઈ હતી.
- ત્યારબાદ આ પ્રથમ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપનો પ્રારંભ પણ **ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા** વચ્ચેની ટેસ્ટ મેચથી જ થયો છે.

**નોંધ :** (1) હવે પછી **બીજી** ICC વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ વર્ષ **2021થી 2023** દરમિયાન યોજાશે.

(2) **ICCનું** પૂરું નામ **'International Cricket Council'** છે.

(3) ICC ટેસ્ટ ચેમ્પિયનશિપમાં ફાઈનલમાં પહોંચવા માટે યોજાનાર **6 ટેસ્ટ સીરિઝ**માં દરેક સીરિઝના **120 પોઈન્ટ** રહેશે. જો **2 મેચની** સીરિઝ હોય તો વિજેતા ટીમને **60** અને **5 મેચ**ની સીરિઝ હોય તો વિજેતા ટીમને **24 પોઈન્ટ** મળશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

| | | Ans |
|---|---|---|
| 1. | તાજેતરમાં ભારતે કયા દેશ પાસેથી R-27 નામની મિસાઈલ ખરીદવા માટે કરાર કર્યા છે ?<br>(A) રશિયા (B) ફ્રાન્સ (C) અમેરિકા (D) ઈઝરાયેલ | (A) |
| 2. | R-27 મિસાઈલ કયા પ્રકારની પ્રહાર ક્ષમતા ધરાવે છે ?<br>(A) હવાથી જમીન (B) જમીનથી હવા (C) જમીનથી જમીન (D) હવાથી હવા | (D) |
| 3. | રશિયાની R-27 મિસાઈલનો ભારતના કયા યુદ્ધ વિમાનમાં ઉપયોગ થશે ?<br>(A) Mirage 2000 (B) MiG-21<br>(C) Sukhoi Su-30 MKI (D) MiG-29 | (C) |
| 4. | તાજેતરમાં 1 ઓગસ્ટ 2019થી કયા બે દેશો વચ્ચે યોજાયેલી ટેસ્ટ મેચથી પ્રથમ ICC વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ 2019-21નો પ્રારંભ થયો છે ?<br>(A) ઈંગ્લેન્ડ અને ન્યુઝીલેન્ડ (B) ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા<br>(C) ભારત અને વેસ્ટ ઈન્ડિઝ (D) ભારત અને શ્રીલંકા | (B) |
| 5. | તાજેતરમાં 1 ઓગસ્ટ 2019થી કઈ ટેસ્ટ સીરિઝની પ્રથમ મેચથી પ્રથમ ICC વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ 2019-21નો પ્રારંભ થયો છે ?<br>(A) વિઝડન ટ્રોફી (B) ફ્રીડમ ટ્રોફી (C) એશિઝ (D) સોબર્સ ટ્રોફી | (C) |
| 6. | 1 ઓગસ્ટ 2019થી કઈ જગ્યાએ યોજાયેલી મેચથી પ્રથમ ICC વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ 2019-21નો પ્રારંભ થયો છે ?<br>(A) મેલબોર્ન, ઓસ્ટ્રેલિયા (B) લોર્ડ્સ, ઈંગ્લેન્ડ<br>(C) એજબેસ્ટોન, ઈંગ્લેન્ડ (D) બ્રિસ્બેન, ઓસ્ટ્રેલિયા | (C) |
| 7. | ICC વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ 2019-21માં કુલ કેટલા દેશોની ટીમો ભાગ લેશે ?<br>(A) 7 (B) 8 (C) 9 (D) 10 | (C) |
| 8. | ICC વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ 2019-21માં ભારત પોતાની પ્રથમ મેચ કયા દેશ વિરુદ્ધ રમશે ?<br>(A) શ્રીલંકા (B) પાકિસ્તાન (C) બાંગ્લાદેશ (D) વેસ્ટ ઈન્ડિઝ | (D) |
| 9. | 10થી 14 જૂન 2021 દરમિયાન પ્રથમ ICC વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલ મેચ કયા ગ્રાઉન્ડ ખાતે યોજાશે ?<br>(A) મેલબોર્ન, ઓસ્ટ્રેલિયા (B) બ્રિસ્બેન, ઓસ્ટ્રેલિયા<br>(C) એજબેસ્ટોન, ઈંગ્લેન્ડ (D) લોર્ડ્સ, ઈંગ્લેન્ડ | (D) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 02 AUGUST, 2019 FRIDAY

## ➤ ગુજરાતમાં મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણી

ગુજરાત સરકાર દ્વારા 1થી 14 ઓગસ્ટ 2019 દરમિયાન 'મહિલા સશક્તિકરણ પખવાડિયા'ની ઉજવણી કરવામાં આવી છે.

- આ અંતર્ગત મહિલા સશક્તિકરણ પખવાડિયાના વિષયો આ પ્રમાણે છે :

**મહિલા સશક્તિકરણ પખવાડિયાના વિષયો**

| તારીખ | વિષય |
|---|---|
| 1 ઓગસ્ટ | મહિલા સુરક્ષા દિવસ |
| 2 ઓગસ્ટ | બેટી બચાવો બેટી પઢાઓ |
| 3 ઓગસ્ટ | મહિલા સ્વાવલંબન દિવસ |
| 4 ઓગસ્ટ | મહિલા નેતૃત્વ દિવસ |
| 5 ઓગસ્ટ | મહિલા આરોગ્ય દિવસ |
| 6 ઓગસ્ટ | મહિલા કૃષિ દિવસ |
| 7 ઓગસ્ટ | મહિલા શિક્ષણ દિવસ |
| 8 ઓગસ્ટ | મહિલા સ્વચ્છતા જાગૃતિ દિવસ |
| 9 ઓગસ્ટ | મહિલા કલ્યાણ દિવસ |
| 10 ઓગસ્ટ | મહિલા બાળ પોષણ જાગૃતિ દિવસ |
| 11 ઓગસ્ટ | મહિલા કર્મયોગી દિવસ |
| 12 ઓગસ્ટ | મહિલા કાનૂની જાગૃતિ દિવસ |
| 13 ઓગસ્ટ | શ્રમજીવી મહિલા દિવસ |
| 14 ઓગસ્ટ | શારીરિક સૌષ્ઠવ દિવસ |

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના જન્મદિવસે ગુજરાતમાં 'વ્હાલી દીકરી' યોજનાનો પ્રારંભ

ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તેમના જન્મદિવસના રોજ રાજકોટ ખાતેથી ગુજરાતમાં 'વ્હાલી દીકરી' યોજનાનો પ્રારંભ કરાવ્યો છે.

- આ અંતર્ગત 2 ઓગસ્ટ, 2019થી ગુજરાતમાં આ યોજનાનો પ્રારંભ થશે.



**આ યોજનાનો ઉદ્દેશ**

ગુજરાત સરકાર દ્વારા લોન્ચ કરવામાં આવેલી 'વ્હાલી દીકરી યોજના'ના મુખ્ય ઉદ્દેશો આ પ્રમાણે છે :

1. ગુજરાતમાં દીકરીઓના જન્મદરમાં વધારો કરવો
2. દીકરીઓની આર્થિક સામાજિક સ્થિતિ મજબૂત કરવી

3. શિક્ષણમાં ડ્રોપઆઉટ રેટ ઘટાડવો
4. બાળલગ્ન પ્રથા અટકાવવી

## આ યોજનાનો લાભ કોને મળશે ?

ગુજરાતમાં **કુટુંબના પહેલા બે બાળકો પૈકીની દીકરીઓને** આ યોજનાનો લાભ મળશે.

- આ યોજનાનો લાભ લેવા માટે પરિવારની વાર્ષિક આવક મર્યાદા **રૂ. 2 લાખ** સુધીની છે.

## આ યોજનાથી શું લાભ થશે ?

આ યોજના અંતર્ગત લાભાર્થી દીકરીઓને **ત્રણ તબક્કા**માં **કુલ 1,10,000 રૂપિયા**ની સહાય આપવામાં આવશે. જેમાં...

1. દીકરીના **પહેલા ધોરણમાં પ્રવેશ** વખતે **રૂ. 4000**
2. દીકરી **નવમા ધોરણ**માં આવે ત્યારે **રૂ. 6000**
3. દીકરી **18 વર્ષની વય વટાવે** ત્યારે **રૂ. 1,00,000** આપવામાં આવશે.

- આ યોજનાથી ગુજરાતમાં સ્ત્રી ભ્રૂણ હત્યા અટકાવવામાં મદદ થશે, કન્યા કેળવણીને પ્રોત્સાહન મળશે અને દીકરી પુખ્ત વયની થાય ત્યારે ઉચ્ચ શિક્ષણ અને તેના લગ્ન પ્રસંગ માટે મોટી રકમ મળશે.



**નોંધ :** આ નવી યોજના માટે સરકારે બજેટમાં **રૂ. 133 કરોડ**ની જોગવાઈ કરી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ ગુજરાત રાજ્યનો 70મો વનમહોત્સવ : ગુજરાતના 19મા સાંસ્કૃતિક વન 'જડેશ્વર વન'નું લોકાર્પણ

તાજેતરમાં ઓગસ્ટ 2019 દરમિયાન ગુજરાતમાં **અમદાવાદ**ના **ઓઢવ** ખાતે મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**ની ઉપસ્થિતિમાં ગુજરાતના **70મા વનમહોત્સવની રાજ્યકક્ષાની** ઉજવણી કરવામાં આવી હતી.

- આ પ્રસંગે મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**એ **અમદાવાદ**ના **ઓઢવ** ખાતે **8.55 હેક્ટર** વિસ્તારમાં નિર્માણ પામેલા **'જડેશ્વર વન'**નું લોકાર્પણ કરાવ્યું હતું.
- તાજેતરમાં લોકાર્પણ પામેલું **'જડેશ્વર વન'** ગુજરાતનું **19મું સાંસ્કૃતિક વન** છે.
- આશરે રૂ. 10 કરોડના ખર્ચે નિર્માણ પામેલા આ સાંસ્કૃતિક વનમાં યોગ માટેની સુવિધા, વોકિંગ ટ્રેક, જોગિંગ ટ્રેક વગેરે જેવી સુવિધાઓ પણ કરવામાં આવી છે.





## ગુજરાતમાં વનમહોત્સવની ઉજવણી

ભારતમાં **કુલપતિ અર્નાબ પત્ર** દ્વારા **1950**માં વન મહોત્સવનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

- ત્યારબાદ **શ્રી કનૈયાલાલ મુનશી**એ **1960**ના દાયકામાં આ વનમહોત્સવને **આંદોલનનું સ્વરૂપ** આપ્યું હતું.
- વર્તમાન સમયે ભારતમાં સામાન્ય રીતે દર વર્ષે **1 જુલાઈથી 7 જુલાઈ** દરમિયાન **'વન મહોત્સવ સપ્તાહ'**ની ઉજવણી કરવામાં આવે છે.
- જોકે વર્ષા ઋતુના આગમન બાદ વનમહોત્સવની ઉજવણી થતી હોવાથી દેશના જુદા–જુદા ભાગોમાં જુદા–જુદા દિવસોમાં તેની ઉજવણી કરવામાં આવે છે.
- આ અંતર્ગત ગુજરાતમાં તાજેતરમાં 70મા વનમહોત્સવની ઉજવણી કરવામાં આવી છે.

## ગુજરાતમાં સાંસ્કૃતિક વનોનું નિર્માણ

ગુજરાત રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી **શ્રી નરેન્દ્રભાઈ મોદી**ની પ્રેરણાથી વનમહોત્સવની ઉજવણીના ભાગરૂપે ગુજરાતમાં **વર્ષ 2004**થી **સાંસ્કૃતિક વનો**ના નિર્માણનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

- આ અંતર્ગત ગુજરાતમાં 6 જુલાઈ, 2004ના રોજ **ગાંધીનગર**ના **સેક્ટર-18** ખાતે સૌપ્રથમ **'પુનિત વન'**નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.
- પુનિત વનમાં ગ્રહ, નક્ષત્ર, રાશિ, સંસ્કૃતિ અને આસ્થાને કેન્દ્ર બિંદુમાં રાખી જુદા–જુદા પ્રકારના વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું.
- ગુજરાતમાં વર્ષ 2004 સુધી વનમહોત્સવની રાજ્યકક્ષાની ઉજવણી **ગાંધીનગર** ખાતે જ થતી હતી.
- પરંતુ તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી વર્ષ 2005થી એક નવતર અભિગમ અંતર્ગત ગાંધીનગરની જગ્યાએ ગુજરાતના જુદા–જુદા સ્થળોએ વન મહોત્સવની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
- આ અંતર્ગત વર્ષ **2005**માં ગાંધીનગર બહાર સૌપ્રથમ ગુજરાતના **અંબાજી** ખાતે **રાજ્યકક્ષાના વનમહોત્સવની ઉજવણી** કરવામાં આવી હતી.
- જેમાં **17 જુલાઈ, 2005**ના રોજ **અંબાજી** ખાતે **''માંગલ્ય વન''**નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.
- ગુજરાતમાં ઓગસ્ટ 2019 સુધીમાં **કુલ 19 સાંસ્કૃતિક** વનોનું નિર્માણ કરવામાં આવ્યું છે.
- જેમાં આ અગાઉ વર્ષ 2018માં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ **કચ્છ** જિલ્લાના **રૂદ્રમાતા ડેમ સાઈટ** ખાતે **18મા** સાંસ્કૃતિક વન **''રક્ષક વન''**નું લોકાર્પણ કરાવ્યું હતું.
- આશરે **9.50 હેક્ટર**માં નિર્માણ પામેલું **'રક્ષક વન'** આજ સુધી બનેલા સાંસ્કૃતિક વનોમાંથી **સૌથી મોટું સાંસ્કૃતિક વન** છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ગુજરાતમાં વનમહોત્સવ અંતર્ગત સાંસ્કૃતિક વનોનું નિર્માણ

| ક્રમ | જિલ્લો | સ્થળ | વનનું નામ | વર્ષ | વનમહોત્સવ |
|---|---|---|---|---|---|
| 1 | ગાંધીનગર | સેક્ટર-18, ગાંધીનગર | પુનિત વન | 2004 | 55મો વનમહોત્સવ |
| 2 | બનાસકાંઠા | અંબાજી | માંગલ્ય વન | 2005 | 56મો વનમહોત્સવ |
| 12 | નવસારી | ભીનાર, વાંસદા | જાનકી વન | 2015 | 66મો વનમહોત્સવ |
| 13 | આણંદ | વહેરાખાડી | મહિસાગર વન | 2016 | 67મો વનમહોત્સવ |
| 14 | વલસાડ | બાલચૌંઠી | આમ્ર વન | 2016 | 67મો વનમહોત્સવ |
| 15 | સુરત | મોતા અથવા મોટા (Mauta) | એકતા વન | 2016 | 67મો વનમહોત્સવ |
| 16 | જામનગર | ભૂચરમોરી | શહીદ વન | 2016 | 67મો વનમહોત્સવ |
| 17 | સાબરકાંઠા | પાલ–દઢવાલ | વીરાંજલી વન | 2017 | 68મો વનમહોત્સવ |
| 18 | કચ્છ | રૂદ્રમાતા ડેમ સાઈટ | રક્ષક વન | 2018 | 69મો વનમહોત્સવ |
| 19 | અમદાવાદ | ઓઢવ | જડેશ્વર વન | 2019 | 70મો વનમહોત્સવ |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ICE Questions

1. તાજેતરમાં ગુજરાતમાં કયા સમયગાળા દરમિયાન 'મહિલા સશક્તિકરણ પખવાડિયા'ની ઉજવણી કરવામાં આવી છે ?
(A) 1 થી 14 જૂન (B) 1 થી 14 જુલાઈ (C) 1 થી 14 ઓગસ્ટ (D) 1 થી 14 સપ્ટેમ્બર **(C)**

2. તાજેતરમાં ગુજરાતમાં 'મહિલા સશક્તિકરણ પખવાડિયા' નિમિત્તે કયા દિવસે 'મહિલા સુરક્ષા દિવસ'ની ઉજવણી કરવામાં આવી છે ?
(A) 1 ઓગસ્ટ (B) 2 ઓગસ્ટ (C) 4 ઓગસ્ટ (D) 14 ઓગસ્ટ **(A)**

3. તાજેતરમાં ગુજરાતમાં 'મહિલા સશક્તિકરણ પખવાડિયા' નિમિત્તે કયા દિવસે 'બેટી બચાવો બેટી પઢાઓ' દિવસની ઉજવણી કરવામાં આવી છે ?
(A) 1 ઓગસ્ટ (B) 2 ઓગસ્ટ (C) 4 ઓગસ્ટ (D) 14 ઓગસ્ટ **(B)**

4. 2 ઓગસ્ટ, 2019ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં ક્યાંથી 'વ્હાલી દીકરી' યોજનાનો પ્રારંભ કરાવ્યો છે ?
(A) ગાંધીનગર (B) અમદાવાદ (C) રાજકોટ (D) જૂનાગઢ **(C)**

5. ગુજરાત સરકારે લોન્ચ કરેલી નવી 'વ્હાલી દીકરી' યોજનાનો લાભ કોને મળશે ?
(A) કુટુંબની દરેક દીકરીઓને
(B) રૂ. 2 લાખ સુધીની આવક ધરાવતા કુટુંબની દરેક દીકરીઓને
(C) રૂ. 4 લાખ સુધીની આવક ધરાવતા કુટુંબની પહેલા બે બાળકો પૈકીની દીકરીઓને
(D) રૂ. 2 લાખ સુધીની આવક ધરાવતા કુટુંબની પહેલા બે બાળકો પૈકીની દીકરીઓને **(D)**

6. ગુજરાત સરકારે લોન્ચ કરેલ નવી 'વ્હાલી દીકરી યોજના' અંતર્ગત મળનાર લાભના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
1. લાભાર્થી દીકરીઓને ત્રણ તબક્કામાં કુલ રૂ. 1,10,000ની સહાય આપવામાં આવશે.
2. દીકરી પહેલા ધોરણમાં પ્રવેશે ત્યારે રૂ. 4000 સહાય.
3. દીકરી આઠમા ધોરણમાં પ્રવેશે ત્યારે રૂ. 6000 સહાય.
4. દીકરી અઢાર વર્ષની વય વટાવે ત્યારે રૂ. 1 લાખ સહાય.
(A) 1, 2, 3, 4 (B) 1, 3, 4 (C) 1, 2, 4 (D) 2, 3, 4 **(C)**

7. તાજેતરમાં ઓગસ્ટ 2019 દરમિયાન ગુજરાતમાં 70મા વન મહોત્સવની રાજ્યકક્ષાની ઉજવણી કયાં કરવામાં આવી છે ?
(A) સરખેજ, અમદાવાદ (B) સારંગપુર, અમદાવાદ
(C) વટવા, અમદાવાદ (D) ઓઢવ, અમદાવાદ **(D)**

8. ઓગસ્ટ, 2019 દરમિયાન ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ 70મા વનમહોત્સવની ઉજવણી અંતર્ગત અમદાવાદના ઓઢવ ખાતે કયા સાંસ્કૃતિક વનનું લોકાર્પણ કરાવ્યું છે ?
(A) મહેશ્વર વન (B) જડેશ્વર વન (C) જોગેશ્વર વન (D) મહર્ષિ વન **(B)**

## 03 AUGUST, 2019 SATURDAY

### ➤ રેમન મેગ્સેસે એવોર્ડ 2019



વર્ષ 2019ના રેમન મેગ્સેસે એવોર્ડ માટે તાજેતરમાં કુલ 5 વ્યક્તિઓની પસંદગી કરવામાં આવી છે.

- આ પાંચ વ્યક્તિઓમાં ભારતના પ્રસિદ્ધ પત્રકાર શ્રી રવીશકુમારનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.
- શ્રી રવીશકુમાર ભારતની પ્રસિદ્ધ ન્યુઝ ચેનલ NDTVના પત્રકાર છે.
- પત્રકાર ક્ષેત્રમાં તેમની ઉત્કૃષ્ટ કામગીરી બદલ તેમને આ રેમન મેગ્સેસે એવોર્ડ એનાયત થયો છે.

**રેમન મેગ્સેસે એવોર્ડ વિજેતા 2019**

| ક્રમ | વિજેતા | દેશ |
|---|---|---|
| 1 | શ્રી રવીશકુમાર | ભારત |
| 2 | શ્રી રાયન કાયાબ્યાબ | ફિલિપાઈન્સ |
| 3 | શ્રી કિમ જોંગ–કી | દક્ષિણ કોરિયા |
| 4 | શ્રી કો સ્વે વિન | મ્યાનમાર |
| 5 | સુશ્રી અંગખાના નીલાફાઈજીત | થાઈલેન્ડ |

**રેમન મેગ્સેસે એવોર્ડ**

રેમન મેગ્સેસે એવોર્ડ એશિયાનો સૌથી વધુ પ્રતિષ્ઠિત અને સર્વોચ્ચ એવોર્ડ છે. તેને 'એશિયાના નોબેલ પુરસ્કાર' તરીકે પણ ઓળખવામાં આવે છે.

- ફિલિપાઈન્સના સાતમા રાષ્ટ્રપતિ શ્રી રેમન મેગ્સેસેની યાદમાં ફિલિપાઈન્સ સરકાર દ્વારા આ એવોર્ડ એનાયત કરવામાં આવે છે.
- આ એવોર્ડનો પ્રારંભ 1958થી થયો હતો.
- રેમન મેગ્સેસે એવોર્ડ ફાઉન્ડેશનના ટ્રસ્ટીઓ દ્વારા આ વાર્ષિક પુરસ્કારના વિજેતાઓની પસંદગી કરવામાં આવે છે.

**નોંધ :**(1) રેમન મેગ્સેસે એવોર્ડ વિજેતા પ્રથમ ભારતીય શ્રી વિનોબા ભાવે છે.

(2) રેમન મેગ્સેસે એવોર્ડ સૌપ્રથમ 1958માં એનાયત થયો હતો. અને એ વર્ષે કુલ છ વ્યક્તિઓની આ પુરસ્કાર માટે પસંદગી કરવામાં આવી હતી. જેમાં ભારતના શ્રી વિનોબા ભાવેનો પણ સમાવેશ થયો હતો.

(3) શ્રી વિનોબા ભાવેને 1958માં કોમ્યુનિટી લીડરશિપની કેટેગરીમાં આ પુરસ્કાર એનાયત થયો હતો.

## ➤ આતંકવાદ વિરોધી Unlawful Activities (Prevention) Amendment Bill, 2019 લોકસભા બાદ રાજ્યસભામાં પણ પસાર

2 ઓગસ્ટ, 2019ના રોજ આતંકવાદ વિરોધી ગણાતુ 'ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) સુધારા બિલ, 2019' (UAPA Bill, 2019) રાજ્યસભામાં 147 વિરુદ્ધ 42 મતોથી પસાર થઈ ગયું છે.

- આ અગાઉ આ બિલ લોકસભામાં પણ પસાર થઈ ગયું છે.
- આથી, રાષ્ટ્રપતિની મંજૂરી બાદ આ બિલ કાયદો બનશે.
- ભારતમાં આતંકવાદનો સામનો કરવા માટે આ બિલ ખૂબ જ અગત્યનું છે.
- આ બિલમાં કોઈ સંગઠન ઉપરાંત કોઈ વ્યક્તિને પણ આતંકી જાહેર કરવાની જોગવાઈ છે.
- અત્યાર સુધી સરકાર ફક્ત કોઈ આતંકવાદી સંગઠનને જ ગેરકાયદે જાહેર કરી શકતી હતી.
- કોઈ સંગઠન ગેરકાયદે જાહેર થાય એટલે આતંકવાદીઓ નવા નામે સંગઠન રચીને પોતાનું કામ શરૂ કરી દેતા હતા.
- હવે આવું કરનાર વ્યક્તિ જ આતંકવાદી જાહેર થશે, જેથી એની સામે કાર્યવાહી કરી શકાય અને એની પ્રવૃત્તિઓ બંધ થાય.
- આ નવા કાયદાથી કાશ્મીરના અલગતાવાદીઓ હવે આતંકવાદને પ્રોત્સાહન નહિ આપી શકે.

### આ બિલ દ્વારા ક્યા એક્ટમાં સુધારો કરવામાં આવશે ?

- આ બિલ દ્વારા 'ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ, 1967'માં સુધારો કરવામાં આવશે.

### બિલની મહત્ત્વની જોગવાઈ



1. આ ખરડામાં આતંકી કૃત્યને અંજામ આપનાર કે તેમાં સામેલ સંગઠનો કે વ્યક્તિઓ ઉપરાંત આતંકવાદની તૈયારી કરનાર સંગઠનો કે વ્યક્તિઓ, આતંકવાદને પ્રોત્સાહન આપનાર સંગઠનો કે વ્યક્તિઓ અથવા તો આતંકવાદ સાથે કોઈપણ રીતે સંડોવાયેલા હોય તેવા સંગઠનો કે વ્યક્તિઓને 'આતંકી સંગઠન' કે 'આતંકવાદી' જાહેર કરવાની જોગવાઈ છે.
2. આતંકી કેસોની તપાસના ભાગરૂપે હવે NIA (National Investigation Agency) જરૂર પડ્યે જે તે વ્યક્તિ કે સંગઠનની સંપત્તિ પણ જપ્ત કરી શકશે.

આ માટે તેમણે હવે DGP (Director General of Police)ની મંજૂરી લેવાની જરૂર રહેશે નહિ. પરંતુ NIAના ડાયરેક્ટર જનરલની મંજૂરી જરૂરી છે.

3. ભારતમાં હાલના એક્ટ અનુસાર DSP કે ACP અથવા તો તેમનાથી ઉપરનો રેન્ક ધરાવતા અધિકારીઓ દ્વારા આવા કેસોની તપાસની જોગવાઈ હતી. હવે નવા બિલમાં આવા કેસોની તપાસ માટે NIAના ઈન્સ્પેક્ટર કે તેનાથી ઉપરના રેન્કના અધિકારીઓને વધુ સશક્ત બનાવવામાં આવ્યા છે. ટૂંકમાં આ નવો ખરડો આતંકવાદ સામે લડવા માટે NIAને વિશેષ સત્તા આપે છે.

### NIA

National Investigation Agency (NIA) એ **ભારતની આતંકવાદનો સામનો કરવા માટેની સેન્ટ્રલ એજન્સી** છે.

- વર્ષ 2008માં ભારતમાં મુંબઈમાં થયેલા 26/11ના આતંકી હુમલા બાદ આ એજન્સીની સ્થાપના કરવામાં આવી હતી.
- આ અંતર્ગત 31 ડિસેમ્બર, 2008ના રોજ ભારતીય સંસદ દ્વારા 'નેશનલ ઈન્વેસ્ટિગેશન એક્ટ, 2008' પસાર કરીને 2009માં આ એજન્સીની સ્થાપના કરવામાં આવી હતી.
- તે ભારતના કોઈપણ રાજ્યમાં રાજ્યો દ્વારા વિશેષ મંજૂરી સિવાય આતંકવાદ સંબંધિત ગુનાઓની તપાસ કરી શકે છે. તેનું વડું મથક ભારતમાં નવી દિલ્હી ખાતે આવેલું છે.
- આ ઉપરાંત હૈદરાબાદ, ગુવાહાટી, કોચિ, લખનૌ, મુંબઈ, કોલકાતા, રાયપુર અને જમ્મુમાં પણ તેની બ્રાન્ચો આવેલી છે.
- ભારત સરકારના ગૃહ મંત્રાલય અંતર્ગત આ એજન્સી કાર્ય કરે છે.

**નોંધ :** NIAના વર્તમાન (3 ઓગસ્ટ, 2019ની સ્થિતિએ) ડિરેક્ટર જનરલ શ્રી Y.C. મોદી છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ ઐતિહાસિક ટ્રિપલ તલાક બિલ લોકસભા બાદ રાજ્યસભામાં પણ પસાર




ભારતમાં મુસ્લિમ મહિલાઓ માટે ખૂબ જ અગત્યનું ટ્રિપલ તલાક અંગેનું બિલ 30 જુલાઈ, 2019ના રોજ ભારતની રાજ્યસભામાં પસાર થઈ ગયું છે.

- આ અગાઉ 25 જુલાઈ, 2019ના રોજ આ બિલ ભારતની લોકસભામાં પણ પસાર થઈ ગયું હતું.
- લોકસભા અને રાજ્યસભા એમ બંનેમાં આ બિલ કેન્દ્ર સરકારના કાયદા મંત્રી શ્રી રવિશંકર પ્રસાદે રજૂ કર્યું હતું.
- હવે રાષ્ટ્રપતિની મંજૂરી બાદ આ બિલ કાયદાનું સ્વરૂપ ધારણ કરશે.

### આ બિલ કેટલા મતોથી પસાર થયું છે ?

રાજ્યસભામાં આ બિલની તરફેણમાં 99 અને તેની વિરુદ્ધમાં 84 મત પડ્યા હતા.

- જ્યારે લોકસભામાં આ બિલ 303 વિરુદ્ધ 82 મતોથી પસાર થયું હતું.

### આ બિલનું નામ શું છે ?

ટ્રિપલ તલાક અંગે રાજ્યસભા અને લોકસભામાં પસાર થયેલા આ બિલનું નામ 'The Muslim Women (Protection of Rights on Marrige) Bill, 2019' અથવા તો 'મુસ્લિમ મહિલા (લગ્ન અધિકાર સંરક્ષણ) ખરડો, 2019' છે.

- આ બિલ પસાર થયા બાદ પીડિત મહિલાઓને હવે પોતાના તથા સગીર બાળકો માટે ભરણપોષણ મળી રહેશે.

## ટ્રિપલ તલાક અંગેના બિલની મુખ્ય જોગવાઈઓ

ટ્રિપલ તલાક અંગે લોકસભામાં પસાર થયેલા બિલની મુખ્ય જોગવાઈઓ આ પ્રમાણે છે :

1. ભારતમાં કોઈપણ સ્વરૂપે એટલે કે મૌખિક, લેખિત કે ઈ-મેઈલ, SMS કે વોટ્સએપ જેવા ઈલેક્ટ્રોનિક સ્વરૂપે કે અન્ય કોઈપણ રીતે બિન કાયદાકીય કે કોર્ટ કાર્યવાહીને અનુસર્યા વગર અપાતા ટ્રિપલ તલાક **ગેરકાયદે** ગણાશે.
2. ટ્રિપલ તલાકની મદદથી કોઈ મુસ્લિમ પતિ પોતાની પત્નીને છૂટાછેડા આપે તો તે માન્ય ગણાશે નહિ.
3. પત્નીની ફરિયાદ બાદ જો પતિ દોષિત ઠરે તો તેને **મહત્તમ ત્રણ વર્ષની કેદ તેમજ દંડ** થશે.
4. આ પ્રકારના કેસોમાં **મહિલા પોતે** અથવા તેની **લોહીની સગાઈમાં આવતા પરિવારજનો** ફરિયાદ કરશે ત્યારે જ કેસ દાખલ થઈ શકશે. પડોશી કે કોઈ અજાણી વ્યક્તિ કેસ દાખલ કરાવી શકશે નહીં.
5. આ કેસમાં જો મહિલા મેજિસ્ટ્રેટ સમક્ષ સમાધાનનો પ્રસ્તાવ મૂકે અને પતિ-પત્ની સમાધાન માટે સંમત થાય તો જ આ પ્રકારના કેસમાં મેજિસ્ટ્રેટ દ્વારા મુકાયેલી ઉચિત શરતો પર સમાધાન થઈ શકશે.
6. આ ગુનો **બિનજામીનપાત્ર** ગણાશે. જોકે **મેજિસ્ટ્રેટ**ને યોગ્ય લાગે તો પતિને **જામીન** આપી શકશે.
7. આ કેસમાં મેજિસ્ટ્રેટ પત્નીનો પક્ષ સાંભળ્યા પછી જ વ્યાજબી આધારો પર પતિને જામીન પર મુક્ત કરી શકશે. મેજિસ્ટ્રેટ પાસેથી ત્યારે જ જામીન મળી શકશે જ્યારે પતિ પત્નીને ભરણપોષણ આપવા તૈયાર થાય.
8. પીડિત મહિલા સાથે બાળક હશે તો તેના ભરણપોષણનો ખર્ચ પણ પતિએ આપવાનો રહેશે. પત્ની અને બાળકોના ભરણપોષણની શરતો મેજિસ્ટ્રેટ નક્કી કરશે જેનું પતિએ પાલન કરવાનું રહેશે.
9. ભરણપોષણ એવી સ્થિતિમાં પણ મળશે જ્યારે કોઈ પતિ પોતાની પત્નીને તલાક આપ્યા વગર જ ઘરમાંથી કાઢી મૂકે.
10. તલાકના કિસ્સામાં નાના બાળકોની કસ્ટડી માતાને આપવાની રહેશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ટ્રિપલ તલાક પર સુપ્રીમનો પ્રતિબંધ

આ અગાઉ ભારતમાં **22 ઓગસ્ટ, 2017**ના રોજ સુપ્રીમ કોર્ટે મુસ્લિમ સમાજમાં ચાલી આવતી **ટ્રિપલ તલાક** અથવા તો **તલાક-એ-બિદત**ની પ્રથાને **ગેરકાયદેસર અને ગેરબંધારણીય** ગણાવીને તેના પર **પ્રતિબંધ** મૂકી દીધો હતો.

- સુપ્રીમ કોર્ટના તત્કાલીન ચીફ જસ્ટિસ **શ્રી જસ્ટિસ ખેહર**ના વડપણ હેઠળની **પાંચ જજ**ની બેન્ચે **ત્રણ વિરુદ્ધ બે**થી આ ચુકાદો આપ્યો હતો.

**નોંધ :** **ઈન્દોર**ના **શાહબાનો** પહેલા મુસ્લિમ મહિલા હતા કે જેમણે ટ્રિપલ તલાકને સૌપ્રથમ વખત અદાલતમાં પડકાર્યો હતો.

## વિશ્વમાં સ્થિતિ

પાકિસ્તાન અને મલેશિયા સહિત વિશ્વના લગભગ 20 જેટલા મુસ્લિમ દેશોમાં ટ્રિપલ તલાક પર પ્રતિબંધ છે.

- વિશ્વમાં સૌપ્રથમ **ઈજિપ્તે** **1929**માં ટ્રિપલ તલાક પર પ્રતિબંધ મૂક્યો હતો.
- **પાકિસ્તાન**માં આ પ્રથા પર **1961**થી પ્રતિબંધ છે.

## સામાન્ય ખરડો (અનુચ્છેદ-107) પસાર થવાની પ્રક્રિયા

- સામાન્ય ખરડો સૌપ્રથમ સંસદના કોઈપણ ગૃહમાં (રાજ્યસભા કે લોકસભામાં) રજૂ કરી શકાય છે.
- સામાન્ય ખરડો 7 અવસ્થા અને 3 વાંચનમાંથી ગૃહમાં પસાર થાય છે. આ પ્રક્રિયા નીચે મુજબ છે.

### લોકસભા/રાજ્યસભામાં ખરડો રજૂ (પ્રથમ ગૃહ)

| અવસ્થા | પ્રક્રિયા | વિગત |
|---|---|---|
| અવસ્થા : 1 | પ્રથમ વાંચન | • આ વાંચનમાં ખરડાનું શીર્ષક જાહેર કરવામાં આવે<br>• ખરડાનો ઉદ્દેશ્ય જાહેર કરવામાં આવે.<br>• ખરડો રાજપત્રમાં પ્રકાશિત થાય. |
| અવસ્થા : 2 થી 6 (ખરડાની 2-6 અવસ્થા એ બીજા વાંચનનો ભાગ છે) | બીજું વાંચન | • ખરડાની બાબતો પર વિસ્તૃત ચર્ચા કરી ખરડાને સમિતિને સોંપવામાં આવે છે. |
| અવસ્થા : 2 | સામાન્ય ચર્ચા | |
| અવસ્થા : 3 | સમિતિને સોંપણી (પ્રવર સમિતિ અથવા બંને ગૃહોની સંયુક્ત પ્રવર સમિતિને) | • આ અવસ્થામાં ખરડાની ગૃહમાં ચર્ચા થઈ ગયા બાદ ખરડાને પ્રવર સમિતિ અથવા બંને ગૃહોની સંયુક્ત પ્રવર સમિતિને મોકલવામાં આવે છે. સમિતિ ખરડા પર વિચાર–વિમર્શ કરી પોતાનો અહેવાલ સોંપે છે. |
| અવસ્થા : 4 | સમિતિ અહેવાલ રજૂ કરે | • સમિતિ ખરડા પર વિચાર કરી કેટલી બાબતો રાખવી તથા દૂર કરવી વગેરે અંગે પોતાનો અહેવાલ ગૃહને સોંપે છે. |
| અવસ્થા : 5 | સમિતિના અહેવાલ પર ચર્ચા | • સમિતિ દ્વારા અહેવાલની સોંપણી કર્યા બાદ ગૃહમાં સમિતિના અહેવાલ પર ચર્ચા કરવામાં આવે છે. આ અવસ્થા દરમિયાન પણ ખરડાની બાબતો પર સુધારા કરવા સૂચવી શકાય છે.<br>• જો કોઈ સુધારો સૂચવવામાં આવ્યો હોય અને સદસ્યો તેને માન્ય રાખે તો એ ખરડાનો ભાગ બની જાય છે. |
| અવસ્થા : 6 | સમિતિના અહેવાલના દરેક ખંડ પર મતદાન | • સમિતિના અહેવાલ પર ચર્ચા કર્યા બાદ ખરડાના દરેક ખંડ પર મતદાન કરવામાં આવે છે. |
| અવસ્થા : 7 | ત્રીજું વાંચન | • અહીં ખરડો અંતિમ રૂપથી મતદાન માટે ગૃહ સમક્ષ મુકાય છે અને સંપૂર્ણ ખરડાનો મતદાન કરી સ્વીકાર અથવા અસ્વીકાર કરવામાં આવે છે. |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- પ્રથમ ગૃહમાંથી ખરડો 7 અવસ્થા અને 3 વાંચનમાંથી પસાર થયા બાદ બીજા ગૃહમાં મોકલવામાં આવે છે. બીજા ગૃહમાં પણ ખરડો પ્રથમ ગૃહ જેવી પ્રક્રિયામાંથી જ પસાર થાય છે.
- બીજા ગૃહમાં ખરડા પર 3 વાંચન બાદ નીચે મુજબની પરિસ્થિતિ સર્જાય છે :

**બીજા ગૃહમાં ખરડા પર 3 વાંચન બાદની પરિસ્થિતિ**

- બીજા ગૃહ દ્વારા ખરડાનો સ્વીકાર કરવામાં આવે તો ખરડો બંને ગૃહમાંથી પસાર થયો ગણાય.
- બીજુ ગૃહ ખરડામાં સુધારા સૂચવે. જે પ્રથમ ગૃહ માન્ય રાખે તો પણ ખરડો પસાર થયો ગણાય.
- નીચેના સંજોગોમાં ખરડા પર વિરોધાભાસની પરિસ્થિતિ સર્જાય.
  (1) બીજું ગૃહ ખરડાનો અસ્વીકાર કરે
  (2) બીજું ગૃહ ખરડામાં સુધારો સૂચવે જે પ્રથમ ગૃહને માન્ય ન હોય
  (3) બીજું ગૃહ ખરડા પર 6 મહિના સુધી કોઈ કાર્યવાહી ન કરે

ઉપરોક્ત વિરોધાભાસની પરિસ્થિતિમાં રાષ્ટ્રપતિ અનુચ્છેદ 108 અંતર્ગત સંયુક્ત બેઠક બોલાવી શકે.

બંને ગૃહમાંથી ખરડો પસાર થાય ત્યારબાદ ખરડો રાષ્ટ્રપતિની મંજૂરી માટે મોકલવામાં આવે છે. રાષ્ટ્રપતિ પાસે ખરડાને મંજૂરી આપવા સંદર્ભે નીચે મુજબના વિકલ્પો છે :

(1) રાષ્ટ્રપતિ ખરડાનો સ્વીકાર કરી મંજૂરી આપે
(2) રાષ્ટ્રપતિ ખરડાનો અસ્વીકાર કરે. (આત્યંતિક વીટો)
(3) રાષ્ટ્રપતિ ખરડાને પુનઃ વિચારણા માટે મોકલે (નિલંબનકારી વીટો)
(4) રાષ્ટ્રપતિ ખરડાનો સ્વીકાર કે અસ્વીકાર ન કરે અને પુનઃ વિચારણા માટે પણ ન મોકલે (પોકેટ/જેબી વીટો)

**નોંધ :** રાષ્ટ્રપતિએ પુનઃવિચારણા માટે મોકલેલો ખરડો જો ગૃહો દ્વારા ફરી સુધારા વિના પસાર કરી રાષ્ટ્રપતિને મંજૂરી માટે મોકલવામાં આવે તો રાષ્ટ્રપતિએ સ્વીકારવો ફરજિયાત છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ICE Questions

1. રેમન મેગ્સેસે એવોર્ડના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
   1. તે એશિયાનો સર્વોચ્ચ પુરસ્કાર છે.
   2. ફિલિપાઈન્સના સાતમા રાષ્ટ્રપતિ શ્રી રેમન મેગ્સેસેની યાદમાં ફિલિપાઈન્સ સરકાર દ્વારા આ પુરસ્કાર આપવામાં આવે છે.
   3. આ એવોર્ડનો પ્રારંભ 1958માં થયો હતો અને એ જ વર્ષે ભારતના શ્રી વિનોબા ભાવેને આ પુરસ્કાર એનાયત થયો હતો.

   (A) 1, 2, 3 (B) 1, 2 (C) 1, 3 (D) 2, 3

   **(A)**

2. રેમન મેગ્સેસે એવોર્ડ 2019 માટે ભારતના કયા મહાનુભાવની પસંદગી કરવામાં આવી છે ?

(A) શ્રી રજત શર્મા
(B) શ્રી અર્બન ગોસ્વામી
(C) શ્રી રવીશકુમાર
(D) શ્રી એમ. વેંકૈયા નાયડુ

(C)

3. તાજેતરમાં આતંકવાદ વિરોધી ગણાતુ 'Unlawful Activities (Prevention) Amendment Bill 2019' લોકસભા અને રાજ્યસભામાં પસાર કરવામાં આવ્યું છે...આ બિલ દ્વારા કયા એક્ટમાં સુધારો કરવામાં આવશે ?

(A) ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ, 1962
(B) ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ, 1965
(C) ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ, 1967
(D) ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ, 1969

(C)

4. તાજેતરમાં લોકસભા અને રાજ્યસભામાં પસાર થયેલા UPPA Bill 2019માં કરવામાં આવેલી જોગવાઈ અનુસાર ભારતમાં આતંકવાદી કેસોમાં NIA કોની મંજૂરીથી સંપત્તિ જપ્ત કરી શકશે ?

(A) રાજ્યના DGP
(B) રાજ્યના ગૃહમંત્રી
(C) રાજ્યના મુખ્યમંત્રી
(D) NIAના ડાયરેક્ટર જનરલ

(D)

5. તાજેતરમાં ત્રિપલ તલાક અંગેનું કયું બિલ ભારતની સંસદમાં પસાર થયું છે ?

(A) મુસ્લિમ વિમેન (પ્રોટેક્શન) બિલ, 2019
(B) મુસ્લિમ વિમેન (મેરેજ પ્રોટેક્શન) બિલ, 2019
(C) મુસ્લિમ વિમેન (પ્રોટેક્શન ઓફ રાઈટ્સ ઓન મેરેજ) બિલ, 2019
(D) ત્રણમાંથી કોઈ નહિ

(C)

6. તાજેતરમાં લોકસભા અને રાજ્યસભામાં પસાર થયેલા ત્રિપલ તલાક અંગેના બિલમાં જો કોઈ વ્યક્તિ દોષિત ઠરે તો તેના માટે કઈ સજાની જોગવાઈ કરવામાં આવી છે ?

(A) મહત્તમ ત્રણ વર્ષની કેદ તેમજ દંડ
(B) મહત્તમ પાંચ વર્ષની કેદ તેમજ દંડ
(C) મહત્તમ દસ વર્ષની કેદ તેમજ દંડ
(D) આવી કોઈ જોગવાઈ કરવામાં આવી નથી

(A)

7. તાજેતરમાં લોકસભા અને રાજ્યસભામાં કોના દ્વારા ત્રિપલ તલાક અંગેનું બિલ રજૂ કરવામાં આવ્યું હતું ?

(A) શ્રી અમિત શાહ
(B) શ્રીમતી નિર્મલા સિતારામન
(C) શ્રી રાજનાથ સિંહ
(D) શ્રી રવિ શંકર પ્રસાદ

(D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ONE LINER
## CURRENT AFFAIRS

## ભારત

### ➤ ઓડિશાના રસગુલ્લાને મળ્યો GI ટેગ

તાજેતરમાં ભારતના ઓડિશાના રસગુલ્લાને GI ટેગ આપવામાં આવ્યો છે. ઓડિશાના રસગુલ્લા ઉપરાંત આ અગાઉ પશ્ચિમ બંગાળના રસગુલ્લાને પણ બે વર્ષ પહેલા GI ટેગ આપવામાં આવ્યો હતો. GI ટેગમાં GIનું પૂરું નામ Geographical Indication છે. કોઈ વિશિષ્ટ ક્ષેત્રનું પ્રતિનિધિત્વ કરતી વસ્તુ કે ઉત્પાદનને આ ટેગ આપવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ➤ પૂર્વ કેન્દ્રીય મંત્રી તથા કોંગ્રેસના વરિષ્ઠ નેતા શ્રી જયપાલ રેડ્ડીનું નિધન

પૂર્વ કેન્દ્રીય મંત્રી તથા કોંગ્રેસના વરિષ્ઠ નેતા શ્રી જયપાલ રેડ્ડીનું 28 જુલાઈ, 2019ના રોજ હૈદરાબાદ ખાતે નિધન થયું છે. હાલના તેલંગાણામાં જન્મેલા શ્રી જયપાલ રેડ્ડી UPA સરકારમાં વિવિધ સમયે કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી, શહેરી વિકાસ મંત્રી તથા વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રી પદે રહ્યા હતા.

### ➤ ભારતના નવા નાણા સચિવ તરીકે શ્રી રાજીવ કુમારની નિમણૂક

ભારતના નવા નાણા સચિવ તરીકે તાજેતરમાં શ્રી રાજીવ કુમારની નિમણૂક કરવામાં આવી છે. શ્રી રાજીવ કુમાર 1984ની બેચના ઝારખંડ કેડરના IAS ઓફિસર છે. ભારતના નાણા સચિવ તરીકે તેઓ શ્રી સુભાષ ચન્દ્ર ગર્ગનું સ્થાન લેશે. નાણા સચિવ શ્રી સુભાષ ચન્દ્ર ગર્ગની ટ્રાન્સફર ઉર્જા મંત્રાલયમાં કરવામાં આવી છે.

### ➤ નીતિ આયોગ દ્વારા 65 શહેરો માટે 5,645 ઈલેક્ટ્રીક બસોને મંજૂરી

નીતિ આયોગના CEO શ્રી અમિતાભ કાન્તે તાજેતરમાં કરેલી જાહેરાત અનુસાર ભારતના 65 શહેરો માટે નીતિ આયોગ દ્વારા 5,645 ઈલેક્ટ્રીક બસોને મંજૂરી આપવામાં આવી છે. આ ઉપરાંત ભારતમાં ઈલેક્ટ્રીક વાહનોને પ્રોત્સાહન આપવા માટે નીતિ આયોગે 31 માર્ચ, 2023 બાદ ભારતમાં ફક્ત ઈલેક્ટ્રીક થ્રી વ્હિલર જ અને 31 માર્ચ, 2025 બાદ 150 CCથી ઓછી ક્ષમતાવાળા ફક્ત ઈલેક્ટ્રીક ટુ વ્હીલર જ વેચવાનો પ્રસ્તાવ મૂક્યો છે.

## ➤ શ્રી તરુણ ચૌધરી વિંગસૂટ સ્કાયડાઈવ જમ્પ કરનાર ભારતીય વાયુસેનાના પ્રથમ પાયલટ બન્યા

તાજેતરમાં 21-22 જુલાઈ, 2019 દરમિયાન રાજસ્થાનના જોધપુર એરફોર્સ સ્ટેશનમાં કારગિલ દિવસની ઉજવણી દરમિયાન ભારતીય વાયુસેનાના વિંગ કમાન્ડર **શ્રી તરુણ ચૌધરી**એ **Mi-17 હેલિકોપ્ટર**માંથી 2,590.8 મીટરની ઊંચાઈએથી વિંગસૂટ સ્કાયડાઈવ જમ્પ કર્યો હતો. આ સાથે જ **શ્રી તરુણ ચૌધરી** વિંગસૂટ સ્કાયડાઈવ જમ્પ કરનાર ભારતીય વાયુસેનાના **પ્રથમ** પાયલટ બની ગયા છે.

## ➤ 'કેફે કોફી ડે'ના સ્થાપક શ્રી વી.જી. સિદ્ધાર્થનું નિધન

ભારતમાં **'Cafe Coffee Day'** કેફે ચેઈનના સ્થાપક **શ્રી વી.જી. સિદ્ધાર્થ**નું તાજેતરમાં નિધન થયું છે. કર્ણાટકના ચિકમંગલૂરમાં જન્મેલા શ્રી વી.જી. સિદ્ધાર્થનો મૃતદેહ તાજેતરમાં **મેંગાલુર** નજીક **નેત્રવતી નદી**ના કિનારેથી મળી આવ્યો હતો. આથી તેઓ હાલ ચર્ચામાં છે.

## ➤ ભારત અને બ્રિટન દ્વારા બેંગાલુરુમાં Innovating for Clean Air નામની એક પહેલ લોન્ચ

તાજેતરમાં ભારત અને બ્રિટન દ્વારા બે વર્ષ માટે સંયુક્ત રીતે ભારતમાં કર્ણાટકના બેંગાલુરુ ખાતે **Innovating for Clean Air (IFCA)** નામની એક પહેલ લોન્ચ કરવામાં આવી છે. આ પહેલ અંતર્ગત હવાની ગુણવત્તા સુધારવા માટે ટેક્નોલોજીના ઉપયોગથી મહત્ત્વની કામગીરી કરવામાં આવશે.

## ➤ પ્રેસિડન્ટ્સ કપમાં 7 ગોલ્ડ મેડલ જીતી ભારત પ્રથમ ક્રમે

તાજેતરમાં થાઈલેન્ડમાં યોજાયેલી પ્રતિષ્ઠિત પ્રેસિડન્ટ કપ બોક્સિંગ ટુર્નામેન્ટમાં ભારતના પ્રસિદ્ધ મહિલા બોક્સર સુશ્રી મેરી કોમના ગોલ્ડ મેડલ સહિત ભારતે કુલ 7 ગોલ્ડ અને 2 સિલ્વર મેડલ સાથે કુલ 9 મેડલ જીત્યા હતા. આ સાથે જ ભારતને ટુર્નામેન્ટની સર્વશ્રેષ્ઠ ટીમ તરીકેનો એવોર્ડ પણ મળ્યો હતો. સુશ્રી મેરી કોમે **51 કિગ્રા** વજન વર્ગની ઈવેન્ટમાં ઓસ્ટ્રેલિયાના સુશ્રી અપ્રિલ ફ્રાન્કસને પરાજય આપીને ગોલ્ડ મેડલ જીત્યો હતો.

# વિશ્વ

## ➤ 72 વર્ષ બાદ પાકિસ્તાનમાં શવાલા તેજા સિંહ મંદિરને હિન્દુઓ માટે ખોલવામાં આવ્યું

પાકિસ્તાનમાં આવેલા ભગવાન શિવના શવાલા તેજા સિંહ મંદિરને 72 વર્ષ બાદ હિન્દુઓ માટે ખોલવામાં આવ્યું છે. પાકિસ્તાનના પંજાબ પ્રાંતના સિયાલકોટમાં આ મંદિર આવેલું છે. તેનું નિર્માણ શ્રી તેજા સિંહ દ્વારા કરવામાં આવ્યું હતું.

## ➤ વિશ્વના ટોચના અર્થતંત્રમાં ભારત સાતમા ક્રમે

વિશ્વ બેન્ક દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા વર્ષ **2018**ના રિપોર્ટ અનુસાર ભારતનું અર્થતંત્ર સમગ્ર વિશ્વમાં **સાતમા** ક્રમે છે. આ અગાઉ વર્ષ **2017**માં ભારત વિશ્વનું **છઠ્ઠા** નંબરનું સૌથી મોટું અર્થતંત્ર હતું. વર્ષ 2018ના રિપોર્ટ અનુસાર વિશ્વના ટોપ સાત અર્થતંત્રોનો ક્રમ આ પ્રમાણે છે : (1) **અમેરિકા** (2) **ચીન** (3) **જાપાન** (4) **જર્મની** (5) **બ્રિટન** (6) **ફ્રાન્સ** (7) **ભારત**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

- તાજેતરમાં ભારતના કયા રાજ્યના રસગુલ્લાને GI ટેગ મળ્યો છે ? – ઓડિશા
- પૂર્વ કેન્દ્રીય મંત્રી તથા કોંગ્રેસના વરિષ્ઠ નેતા શ્રી જયપાલ રેડ્ડીનું તાજેતરમાં નિધન થયું છે...તેમનો જન્મ કયા રાજ્યમાં થયો હતો ? – તેલંગાણા
- ભારતના નવા નાણા સચિવ તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી રાજીવ કુમાર
- શ્રી રાજીવ કુમારની તાજેતરમાં કોની જગ્યાએ ભારતના નવા નાણા સચિવ તરીકે નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી સુભાષ ચન્દ્ર ગર્ગ
- નીતિ આયોગ દ્વારા તાજેતરમાં ભારતના કુલ કેટલા શહેરો માટે 5,645 ઈલેક્ટ્રીક બસોને મંજૂરી આપવામાં આવી છે ? – 65
- વિંગસૂટ સ્કાયડાઈવ જમ્પ કરનાર ભારતીય વાયુસેનાના પ્રથમ પાયલટ બનવાની સિદ્ધિ તાજેતરમાં કોણે મેળવી છે ? – શ્રી તરુણ ચૌધરી
- તાજેતરમાં 'કેફે કોફી ડે'ના સ્થાપક શ્રી વી.જી. સિદ્ધાર્થનું નિધન થયું છે... તેમનો જન્મ ભારતના કયા રાજ્યમાં થયો હતો ? – કર્ણાટક
- તાજેતરમાં ભારતમાં હવાની ગુણવત્તા સુધારવા માટે ભારત અને કયા દેશ દ્વારા સંયુક્ત રીતે ભારતના બેંગાલુરુમાં 'Innovating for Clean Air' નામની એક પહેલ શરૂ કરવામાં આવી છે ? – બ્રિટન
- તાજેતરમાં ભારત અને બ્રિટન દ્વારા ભારતમાં કઈ જગ્યાએ 'Innovating for Clean Air' નામની એક પહેલ શરૂ કરવામાં આવી છે ? – બેંગાલુરુ
- તાજેતરમાં કઈ જગ્યાએ યોજાયેલી પ્રેસિડન્ટ કપ બોક્સિંગ ટુર્નામેન્ટમાં ભારતના સુશ્રી મેરી કોમે ગોલ્ડ મેડલ જીત્યો છે ? – થાઈલેન્ડ
- તાજેતરમાં થાઈલેન્ડમાં યોજાયેલી પ્રેસિડન્ટ કપ બોક્સિંગ ટુર્નામેન્ટમાં કઈ ઈવેન્ટમાં ભારતના સુશ્રી મેરી કોમે ગોલ્ડ મેડલ જીત્યો છે ? – 51 કિગ્રા વજન વર્ગ ઈવેન્ટ
- તાજેતરમાં પાકિસ્તાનમાં હિન્દુઓ માટે 72 વર્ષ બાદ કયું મંદિર ખોલવામાં આવ્યું છે ? – શવાલા તેજા મંદિર
- વર્લ્ડ બેન્ક દ્વારા તાજેતરમાં જાહેર થયેલા રિપોર્ટ અનુસાર વિશ્વના સૌથી મોટા અર્થતંત્રોમાં ભારત કયા ક્રમે છે ? – સાતમા
- વર્લ્ડ બેન્ક દ્વારા તાજેતરમાં જાહેર થયેલા રિપોર્ટ અનુસાર પાંચમા અને છઠ્ઠા ક્રમે રહેલા કયા બે દેશોના શ્રેષ્ઠ પ્રદર્શનને કારણે ભારત વિશ્વના સૌથી મોટા અર્થતંત્રોમાં સાતમા ક્રમે રહ્યું છે ? – બ્રિટન અને ફ્રાન્સ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# QUICK CURRENT
## QUESTIONS OF THIS WEEK

1. તાજેતરમાં 20મા કારગિલ વિજય દિવસ નિમિત્તે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કઈ જગ્યાએ આવેલા સેના કેમ્પસમાં શહીદ સ્મારક ખાતે શહીદ વીરોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી ? – અમદાવાદ
2. જુલાઈ, 2019 દરમિયાન પાકિસ્તાનના કયા ક્રિકેટરે ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી છે ? – મોહમ્મદ આમીર
3. 3 થી 8 ડિસેમ્બર, 2019 દરમિયાન હરિયાણાના કુરુક્ષેત્રમાં યોજાનાર આંતરરાષ્ટ્રીય ગીતા જયંતી મહોત્સવમાં પાર્ટનર કન્ટ્રી તરીકે સહભાગી થવા માટે હરિયાણા સરકારે કયા દેશને આમંત્રણ આપ્યું છે ? – નેપાળ
4. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલી માહિતી અનુસાર પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજનાના અમલીકરણમાં ભારતનું કયું રાજ્ય પ્રથમ ક્રમે છે ? – ઉત્તરપ્રદેશ
5. 31 ઓગસ્ટ, 2019ના રોજ શ્રી રજનીકાન્ત મિશ્રાની નિવૃત્તિ બાદ BSF (Border Security Force)ના નવા Derector General તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી વી.કે. જોહરી
6. વર્ષ 2020માં ખેલો ઈન્ડિયા યૂથ ગેમ્સની ત્રીજી આવૃત્તિનું આયોજન કયાં થશે ? – ગુવાહાટી (આસામ)
7. તાજેતરમાં 27-28 જુલાઈ, 2019 દરમિયાન પાંચમા આંતરરાષ્ટ્રીય ધર્મ–ધમ્મ સંમેલનનું આયોજન કયાં થયું હતું ? – રાજગીર (બિહાર)
8. ભારતના કયા પ્રસિદ્ધ Sand Artistને અમેરિકામાં પીપલ્સ ચોઈસ એવોર્ડ એનાયત થયો છે ? – શ્રી સુદર્શન પટનાયક
9. તાજેતરમાં 28 જુલાઈ, 2019ના રોજ ભારતમાં કઈ જગ્યાએ હિમાલયી રાજ્યોના પ્રથમ સંમેલનનું આયોજન થયું હતું ? – મસૂરી (ઉત્તરાખંડ)
10. 28 જુલાઈ, 2019ના રોજ ઉત્તરાખંડના મસૂરી ખાતે યોજાયેલા હિમાલયી રાજ્યોના પ્રથમ સંમેલનમાં મુખ્ય અતિથિ તરીકે કોણ ઉપસ્થિત રહ્યું હતું ? – શ્રીમતી નિર્મલા સીતારામન
11. કેન્દ્રીય લઘુમતી મંત્રી શ્રી મુખતાર અબ્બાસ નકવી દ્વારા કરવામાં આવેલી જાહેરાત અનુસાર સમગ્ર દેશમાં આવેલી વક્ફ બોર્ડની સંપત્તિઓનું કેટલા દિવસમાં ડિજિટલાઈઝેશન કરવાનું કેન્દ્ર સરકારે લક્ષ્ય રાખ્યું છે ? – 100 દિવસ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

12. **Paralysis Stroke**થી પીડિત લોકો માટે તાજેતરમાં બે આંગળીવાળા રોબોટિક હાથનું નિર્માણ ભારતની કઈ સંસ્થાના વૈજ્ઞાનિકો દ્વારા કરવામાં આવ્યું છે ? – **IIT** કાનપુર

13. વિશ્વ હિન્દુ ઈકોનોમિક ફોરમ દ્વારા તાજેતરમાં કઈ જગ્યાએ નેપાળ અધ્યાયનો પ્રારંભ કરવામાં આવ્યો છે ? – કાઠમંડુ

14. 15 ઓગસ્ટ, 2019થી શ્રી અનિલ ચૌહાણની જગ્યાએ ભારતીય સેનાના નવા **DGMO (Director General of Military Operations)** તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ? – લેફ્ટેનન્ટ જનરલ શ્રી પરમજીત સિંહ

15. તાજેતરમાં ભારતના કયા રાજદૂતને જાપાનના બીજા સર્વોચ્ચ રાષ્ટ્રીય પુરસ્કાર 'ઓર્ડર ઓફ ધ રાઈઝિંગ સન'થી સન્માનિત કરવામાં આવ્યા છે ? – શ્રી શ્યામ સરન

16. ડોપિંગ ટેસ્ટમાં નિષ્ફળ જવાને કારણે 16 માર્ચ, 2019થી 15 નવેમ્બર, 2019 દરમિયાન 8 મહિના માટે તાજેતરમાં **BCCI** દ્વારા ભારતના કયા ક્રિકેટર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે ? – શ્રી પૃથ્વી શો

17. તાજેતરમાં ભારતની લોકસભામાં લોકલેખા સમિતિના ચેરમેન તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી અધીર રંજન ચૌધરી

18. તાજેતરમાં નાસાના કયા મિશન દ્વારા **TOI 270** નામના એક ડવાર્ફ સ્ટાર તથા ગ્રહીય તંત્રની શોધ કરવામાં આવી છે? – ટેસ **(TESS)**

19. 8-9 ઓગસ્ટ, 2019 દરમિયાન ભારતમાં ઈ-ગવર્નન્સ અંગેના 22મા રાષ્ટ્રીય સંમેલનનું આયોજન કયાં કરવામાં આવશે કે જે કોઈ ઉત્તર–પૂર્વ રાજ્યમાં આ ઈવેન્ટનું પ્રથમ આયોજન હશે ? – શિલોંગ (મેઘાલય)

20. કેન્દ્રીય મંત્રીમંડળ દ્વારા તાજેતરમાં કઈ જગ્યાએ ઈસરોના **Technical Contact Unit**ની સ્થાપના માટે મંજૂરી આપવામાં આવી છે કે જે આ પ્રકારનું છઠ્ઠું યુનિટ હશે ? – મોસ્કો (રશિયા)

21. હસ્તકલા, વણકર વગેરે જેવા કારીગરો માટે **Flipkart** દ્વારા તાજેતરમાં કઈ પહેલ શરૂ કરવામાં આવી છે ? – સમર્થ

22. ભારતના કારીગરો પોતાની વસ્તુઓ ઓનલાઈન વેચી શકે તે માટે કઈ ઈ–કોમર્સ કંપની દ્વારા 'સમર્થ' નામની એક પહેલ શરૂ કરવામાં આવી છે ? – **Flipkart**

23. તાજેતરમાં 29 જુલાઈથી 3 ઓગસ્ટ, 2019 દરમિયાન **ASEAN** (આસિયાન) દેશોના વિદેશ મંત્રીઓની 52મી બેઠકનું કઈ જગ્યાએ આયોજન થયું હતું ? – બેંગકોક (થાઈલેન્ડ)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

24. ઈસ્ટ બંગાળ ફૂટબોલ કલબ દ્વારા તાજેતરમાં તેની 100મી વર્ષગાંઠ નિમિત્તે ભારતના કયા ક્રિકેટર (અથવા તો ખેલાડી)ને ભારત ગૌરવ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે ? – શ્રી કપિલ દેવ

25. તાજેતરમાં 2 ઓગસ્ટ, 2019ના રોજ ભારતીય રાષ્ટ્રધ્વજના કયા ડિઝાઈનરની જન્મજયંતીની ઉજવણી કરવામાં આવી છે ? – શ્રી પિંગલી વેંકૈયા

26. કેન્દ્ર સરકારની અમૃત યોજના હેઠળ ભારતમાં માત્ર કયા એક શહેરને તાજેતરમાં નગર આયોજન માટે કેન્દ્ર સરકાર દ્વારા ગ્રાન્ટ ફાળવવામાં આવી છે ? – રાજકોટ

27. તાજેતરમાં અમેરિકાએ આશરે રૂ. 12.5 કરોડ ડોલરના ખર્ચે પાકિસ્તાનને કયા વિમાનો વેચવાનો નિર્ણય કર્યો છે ? – F-16

28. તાજેતરમાં ભારતે સી-17 વિમાનને સ્પેર, રીપેર પાર્ટ્સ, સપોર્ટ ઈક્વિમેન્ટ વગેરે સહિતના ફોલો ઓન સહાય માટે કયા દેશ સાથે 67 કરોડ ડોલરના કરાર કર્યા છે ? – અમેરિકા

29. કારગિલ વિજય દિવસના 20 વર્ષ પૂર્ણ થવાને પ્રસંગે કઈ જગ્યાએ યોજાયેલા સમારંભમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં સંબોધન કર્યું હતું ? – શ્રીમતી ઈન્દિરા ગાંધી ઈનડોર સ્ટેડિયમ, નવી દિલ્હી

30. વર્ષ 2022ની કોમનવેલ્થ ગેમ્સમાં કઈ રમતનો સમાવેશ ન કરાતા ભારત આ કોમનવેલ્થ ગેમ્સનો બહિષ્કાર કરવાનું વિચારી રહ્યું છે ? – શૂટિંગ

31. 14-15 સપ્ટેમ્બર, 2019 દરમિયાન પાકિસ્તાનના ઈસ્લામાબાદ ખાતે યોજાનાર ટુર્નામેન્ટમાં ભાગ લેવા માટે ભારતની કઈ રમતની ટીમ 1964 બાદ પહેલી વખત પાકિસ્તાનના પ્રવાસે જશે ? – ટેનિસની ટીમ (ડેવિસ કપ રમવા)

32. તાજેતરમાં વિશ્વના કયા દેશમાં અપરાધીઓને આપવામાં આવતી મોતની સજા પર વર્ષ 2003માં મૂકવામાં આવેલો પ્રતિબંધ હટાવી લેવામાં આવ્યો છે ? – અમેરિકા

33. તાજેતરમાં ઉત્તરપ્રદેશના લખનૌ ખાતે યોજાયેલા 'ગ્રાઉન્ડ બ્રેકીંગ સેરેમની-2' કાર્યક્રમનો પ્રારંભ કોણે કરાવ્યો હતો ? – શ્રી અમિત શાહ

34. કેન્દ્રીય કૃષિ રાજ્યમંત્રી શ્રી પુરસોત્તમ રૂપાલાએ તાજેતરમાં કરેલી જાહેરાત અનુસાર હવે ખેડૂતની માફક રૂ. 3 લાખ સુધીની વ્યાજ મુક્ત લોન બીજા કોને મળશે ? – પશુપાલકો, માછીમારો

35. CEO વર્લ્ડ મેગેઝીન દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલી દુનિયાના સર્વશ્રેષ્ઠ CEOની 121 લોકોની યાદીમાં ભારતના કેટલા CEOનો સમાવેશ થયો છે ? – 10

36. CEO વર્લ્ડ મેગેઝીન દ્વારા તાજેતરમાં જાહેર થયેલી વિશ્વના સર્વશ્રેષ્ઠ CEOની યાદીમાં તમામ ભારતીય CEOમાં પ્રથમ ક્રમે કયા CEO છે ? – શ્રી લક્ષ્મી મિત્તલ

37. તાજેતરમાં ભારતમાં રેલવેના જનરલ ડબ્બામાં રિઝર્વેશન વિનાના મુસાફરો માટે કઈ ટ્રેનમાં બાયોમેટ્રિક સિસ્ટમ શરૂ કરવામાં આવી છે ? – મુંબઈથી લખનૌ જતી પુષ્પક એક્સપ્રેસમાં

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS




# ચંદ્રયાન-2 વિશેના પરીક્ષાલક્ષી મહત્ત્વના પ્રશ્નો

➤ 22 જુલાઈ, 2019ના રોજ ભારતે ક્યાંથી ચંદ્રયાન-2 નામનું અવકાશયાન સફળતાપૂર્વક લોન્ચ કર્યું છે ?

– આંધ્રપ્રદેશના શ્રી હરિકોટા ખાતે આવેલા સતીશ ધવન સ્પેસ સેન્ટરના બીજા નંબરના લોન્ચ પેડ પરથી

➤ તાજેતરમાં ભારતે કયા રોકેટની મદદથી ચંદ્રયાન-2 સફળતાપૂર્વક લોન્ચ કર્યું છે ?

– GSLV MK III-M1

➤ GSLV MK III એ કેટલા ચરણનું ઈસરો દ્વારા વિકસાવવામાં આવેલું રોકેટ છે ? – ત્રણ ચરણ

➤ GSLV MK III રોકેટના ત્રીજા ચરણમાં કયું એન્જિન લગાવવામાં આવ્યું છે ? – ક્રાયોજેનિક

➤ GSLV MK III નામનું ભારતનું રોકેટ કેટલા ટન વજન સુધીના ઉપગ્રહોને ઉચ્ચ કક્ષામાં તરતા મૂકી શકે છે ?

– 4 ટન અથવા 4000 કિલોગ્રામ

➤ તાજેતરમાં લોન્ચ થયેલા અવકાશયાન ચંદ્રયાન-2નું અંદાજિત વજન કેટલું છે ? – 3850 કિલોગ્રામથી વધુ

➤ GSLV MK III નામનું ભારતનું રોકેટ કેટલા ટન વજન સુધીના ઉપગ્રહોને નીચલી કક્ષામાં સ્થાપિત કરી શકે છે ?

– 10 ટન અથવા 10,000 કિલોગ્રામ

➤ GSLVનું પૂરું નામ શું છે ? – Geosynchronous Satelite Launch Vehicle

➤ ચંદ્રયાન-2 નામનું અવકાશયાન કેટલા વિશિષ્ટ ભાગોમાં વહેંચાયેલું છે ? – ત્રણ

➤ ચંદ્રયાન-2ના ત્રણ વિશિષ્ટ ભાગોમાં શેનો સમાવેશ થાય છે ? – Orbiter, Lander, Rover

➤ ચંદ્રયાન-2ના ત્રણ વિશિષ્ટ ભાગોમાંથી કયો એક ભાગ લગભગ 1 કે 2 વર્ષ માટે ચંદ્રની સપાટીથી 100 કિમી દૂર ચંદ્રના ચક્કર લગાવશે અને ચંદ્ર વિશે માહિતી આપતું રહેશે ? – Orbiter

➤ ચંદ્રયાન-2ના ત્રણ ભાગોમાંથી કયું એક ચંદ્રની સપાટી પર વ્હીલની મદદથી ચાલશે ? – Rover

➤ ચંદ્રયાન-2ના Roverને શું નામ આપવામાં આવ્યું છે ? – પ્રજ્ઞાન

➤ ચંદ્રયાન-2નું 'પ્રજ્ઞાન' નામનું રોવર ચંદ્રની સપાટી પર માટી તથા ખડકોના નમૂના એકત્ર કરવા માટે 500 મીટર સુધીની સફર કરી શકશે... આ માટે તેને વીજળી શેનાથી મળશે ? – સૌર પેનલ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ ચંદ્રયાન-2ના Landerને શું નામ આપવામાં આવ્યું છે ? – વિક્રમ

➤ ચંદ્રયાન-2ના લેન્ડર તથા રોવરનું મિશન આયુષ્ય કેટલું છે ?

– 1 ચંદ્ર દિવસ અથવા તો પૃથ્વી પરના 14 દિવસ

➤ ચંદ્રયાન-2ને ચંદ્ર સુધી પહોંચાડવા માટે આ યાનની અનેક વખત કક્ષા અથવા તો દિશા બદલવાની ક્રિયા કયા નામે ઓળખાય છે ? – મેનુવરિંગ

➤ ચંદ્રયાન-2માં ભારતના કુલ કેટલા Payload (ઉપકરણ) મોકલવામાં આવ્યા છે ? – 13

➤ ચંદ્રયાન-2માં ભારતના 13 પેલોડ ઉપરાંત કયા દેશની અવકાશ સંસ્થાનું પણ એક ઉપકરણ મોકલવામાં આવ્યું છે ?

– અમેરિકા

➤ ચંદ્રયાન-2ના સફળતાપૂર્વકના લેન્ડિંગ બાદ ભારત ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર સફળતાપૂર્વક લેન્ડ કરનાર વિશ્વનો કેટલામો દેશ બની જશે ? – પ્રથમ

➤ ચંદ્રયાન-2ના સફળતાપૂર્વક લેન્ડિંગ બાદ ભારત ચંદ્રની ધરતી પર પહોંચનારો વિશ્વનો કેટલામો દેશ બનશે ?


– અમેરિકા, રશિયા અને ચીન બાદ ચોથો

➤ ભારતે ચંદ્રયાન-1 ક્યારે લોન્ચ કર્યું હતું ? – 22 ઓક્ટોબર, 2008

➤ 22 ઓક્ટોબર, 2008ના રોજ ભારતે કયા રોકેટની મદદથી ચંદ્રયાન-1 સફળતાપૂર્વક લોન્ચ કર્યું હતું ?

– PSLV-XL C11

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS



દરેક પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી ફ્રી ઓનલાઈન મટીરિયલ્સની માહિતી માટે icerajkot PAGE LIKE કરો.

FACEBOOK
icerajkot

આ મેગેઝિન ફ્રી મેળવવા માટે અમારી નવી AUTHENTIC TELEGRAM CHANNEL

(t.me / icerajkotofficial)
આજે જ JOIN કરો.




ALL TYPE OF COMPETITIVE EXAMS

| | | | |
|---|---|---|---|
| GPSC | SBI | PSI | TALATI |
| UPSC | PO | PI | Dy. S.O. |
| IBPS | CLERK | CONSTABLE | Dy. MAMLATDAR |

- સ્પર્ધાત્મક પરીક્ષાના નિષ્ણાતો દ્વારા અભ્યાસ.
- ગણિત, ENGLISH, ગુજરાતી અને સામાન્ય જ્ઞાનની સર્વગ્રાહી સફળ ફોર્મ્યુલા.
- પૂર્ણ સંભાવના ધરાવતા પ્રશ્નો સાથે તૈયારી.
- જરૂરી અને મર્યાદિત વાંચનના માધ્યમથી પરીક્ષાલક્ષી અને પરિણામલક્ષી તૈયારી.
- વ્યૂહાત્મક તૈયારી માટે અલ્ટ્રાપ્લાનિંગ.
- અનુભવી નિષ્ણાતો દ્વારા તૈયાર થયેલું ટુ ધી પોઈન્ટ અપડેટેડ સ્ટડી મટીરિયલ્સ.
- સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી અભ્યાસ.